

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 349
Dt.: 27-10-2025, Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA  Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### વડાપ્રધાને છત્તીસગઢના અંબિકાપુર મ્યુનિ. કોર્પોરેશનની પ્રશંસા કરી

# GSTમાં ઘટાડાના કારણે સ્વદેશી વસ્તુઓનું વેચાણ અને તહેવારોની રોનક વધી: વડાપ્રધાન મોદી

### મોદીએ ઓલ ઈન્ડિયા રેડિયો પર મન કી બાત કાર્યક્રમના ૧૨૭માં એપિસોડમાં દેશ અને વિદેશના લોકો સાથે વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે (૨૬મી ઓક્ટોબર) ઓલ ઈન્ડિયા રેડિયો પર મન કી બાત કાર્યક્રમના ૧૨૭માં એપિસોડમાં દેશ અને વિદેશના લોકો સાથે વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે તહેવારોની સિઝનમાં સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં થયેલા જંગી વધારા અને સ્વચ્છતાની પહેલની પ્રશંસા કરી હતી.

મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ વર્ષે સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં ભારે ઉછાળો આવ્યો છે અને ઉત્સવની ભાવના પહેલા કરતાં વધુ ઉત્સાહ સાથે જોવા મળી રહી છે. લોકો GST બચત મહોત્સવને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. તહેવારો દરમિયાન બજારોમાં સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં જબરદસ્ત વધારો થયો છે.

વધુમાં તેમણે ખાદ્ય તેલના વપરાશમાં ૧૦ ટકા ઘટાડો કરવાના પોતાના આગ્રહનો પણ ઉલ્લેખ કર્યો, જેના પર લોકોએ ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. વડાપ્રધાન મોદીએ સ્વચ્છતા માટેના એક અનોખા પગલા બદલ છત્તીસગઢના અંબિકાપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રશંસા કરી.

તેમણે કહ્યું, છત્તીસગઢના અંબિકાપુરમાં ગાર્બેજ કાફે ચલાવવામાં આવી રહ્યા છે. આ કાફે એવા છે જ્યાં પ્લાસ્ટિકના કચરાના બદલામાં તમને સંપૂર્ણ ભોજન મળે છે. આ પહેલ હેઠળ, જો કોઈ વ્યક્તિ એક કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિક લાવે છે, તો તેને લંચ કે ડિનર આપવામાં આવે છે, અને જો તે અડધો કિલોગ્રામ પ્લાસ્ટિક લાવે છે, તો તેને નાસ્તો મળે છે.

સુરક્ષા દળોમાં સ્વદેશી શ્વાનોના મહત્ત્વને બિરદાવતા પીએમ મોદીએ કહ્યું કે, ગયા વર્ષે લખનઉમાં ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટમાં રિયા નામના શ્વાને બધાનું ધ્યાન ખેંચ્યું. તે BSF દ્વારા તાલીમ પામેલો મુધોલ હાઉન્ડ શ્વાન છે, જેણે ઘણી વિદેશી જાતિઓને હરાવીને પ્રથમ ઈનામ જીત્યું. આ ઉપરાંત તેમણે છત્તીસગઢમાં માઓવાદી પ્રભાવિત વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી વખતે ૮ કિલોગ્રામ વિસ્ફોટકો શોધી કાઢનાર એક સ્વદેશી CRPF શ્વાનની પણ પ્રશંસા કરી. પર્યાવરણ અંગે વાત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેન્ગ્રોવ્સના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે, જેમ પર્વતો અને મેદાનોમાં જંગલો જમીનને એકસાથે રાખે છે, તેવી જ રીતે દરિયાકિનારા પર મેન્ગ્રોવ્સ પણ એટલા જ મહત્ત્વપૂર્ણ છે. મેન્ગ્રોવ્સ ખારા પાણીમાં ઉગે છે અને સુનામી કે ચક્રવાત જેવી કુદરતી આફતો દરમિયાન દરિયાકિનારાનું રક્ષણ



કરવામાં ખૂબ મદદરૂપ સાબિત થાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ફરી એકવાર મન કી બાત કાર્યક્રમને સંબોધિત કર્યો. આ કાર્યક્રમનો ૧૨૭મો એપિસોડ હતો. આ એપિસોડમાં પીએમ મોદીએ ચર્ચાની શરૂઆત છઠ ઉત્સવથી કરી. તેમણે દેશવાસીઓને છઠ ઉત્સવનું મહત્વ સમજાવ્યું. તેમણે દરેકને ઓછામાં ઓછું એક વાર છઠ ઉત્સવમાં ભાગ લેવા વિનંતી કરી, તેમને તેમાં ભાગ લેવાની સલાહ આપી. છઠ ઉત્સવ ભારતની એકતાનું એક મહાન અને સુંદર ઉદાહરણ છે. નોંધનીય છે કે ગયા વખતે, પીએમ મોદીએ તહેવાર દરમિયાન સ્વદેશી ઉત્પાદનો ખરીદવાની અપીલ કરી હતી અને આત્મનિર્ભર ભારત પર ભાર મૂક્યો હતો. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે છઠ ઉત્સવ સંસ્કૃતિ, પ્રકૃતિ અને સમાજ વચ્ચેની ઊંડી એકતાનું પ્રતિબિંબ છે. સમાજનો દરેક વર્ગ છઠ ઘાટ પર એક સાથે ઉભો છે. આ દ્રશ્ય ભારતની સામાજિક એકતાનું સૌથી સુંદર ઉદાહરણ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "જેમ પર્વતો અને મેદાનોમાં જંગલો અસ્તિત્વ ધરાવે છે, જે જમીનને એક સાથે જોડે છે, તેવી જ રીતે દરિયાકિનારા પર મેન્ગ્રોવ્સ પણ એટલા જ મહત્વપૂર્ણ છે. મેન્ગ્રોવ્સ ખારા પાણી અને માર્શલેન્ડમાં ઉગે છે અને દરિયાઈ ઈકોસિસ્ટમનો મહત્વપૂર્ણ ભાગ છે. સુનામી અથવા ચક્રવાત જેવી આફતો દરમિયાન આ મેન્ગ્રોવ્સ ખૂબ મદદરૂપ સાબિત થાય છે." "પાંચ વર્ષ પહેલાં, ગુજરાત વન વિભાગની ટીમે અમદાવાદ નજીક ધોલેરામાં મેન્ગ્રોવ્સનું વાવેતર શરૂ કર્યું હતું, અને આજે ધોલેરા કિનારે ૩,૫૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં મેન્ગ્રોવ્સ ફેલાયેલા છે. આ મેન્ગ્રોવ્સની અસર સમગ્ર પ્રદેશમાં દેખાય છે. ઈકોસિસ્ટમમાં ડોલ્ફિનની સંખ્યા વધી છે. કરચલા અને અન્ય જળચર પ્રાણીઓની સંખ્યામાં પણ પહેલાની સરખામણીમાં વધારો થયો છે. સ્થળાંતર કરનારા પક્ષીઓ પણ હવે મુલાકાત લઈ રહ્યા છે." મોટી સંખ્યામાં લોકો આ સ્થળની મુલાકાત લે છે. ગુજરાતના કચ્છમાં મેન્ગ્રોવ લર્નિંગ સેન્ટર પણ સ્થાપિત કરવામાં આવ્યું છે" મન કી બાતના ૧૨૭મા એપિસોડમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "તમે બધા ચા સાથેના મારા જોડાણ વિશે જાણો છો, પરંતુ આજે મેં વિચાર્યું કે મન કી બાતમાં કોફી વિશે પણ ચર્ચા કેમ ન કરીએ? ઓડિશાના ઘણા લોકોએ કોરાપુટ કોફી વિશે મારી સાથે પોતાની લાગણીઓ શેર કરી. મને કહેવામાં આવ્યું છે કે કોરાપુટ કોફીનો સ્વાદ અદ્ભુત છે, અને એટલું જ નહીં; સ્વાદ ઉપરાંત, કોફીની ખેતી પણ લોકોને ફાયદો પહોંચાડી રહી છે."

પ્રધાનમંત્રીએ મોદીએ કહ્યું કે, સરદાર પટેલ આધુનિક સમયમાં રાષ્ટ્રના મહાન વ્યક્તિઓમાંના એક હતા. તેમના મહાન વ્યક્તિત્વમાં ઘણા ગુણો છે. હું દરેકને ૩૧ ઓક્ટોબરે સરદાર સાહેબની જન્મજયંતિ પર દેશભરમાં યોજાઈ રહેલા રન ફોર યુનિટીમાં ભાગ લેવા વિનંતી કરું છું. મન કી બાતના ૧૨૭મા એપિસોડમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ઑપરેશન સિંદૂર દરેક ભારતીયને ગર્વથી ભરી દે છે. આ વખતે માઓવાદી આતંકના અંધકારમાં ઘેરાયેલા વિસ્તારોમાં પણ ખુશીના દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. લોકો ઈચ્છે છે કે માઓવાદી આતંકનો સંપૂર્ણ અંત આવે જેણે તેમના બાળકોના ભવિષ્યને જોખમમાં મૂક્યું છે.

## પુષ્કર પશુ મેળામાં નગીના નામની ઘોડીનો દબદબો: ૧ કરોડ રૂપિયાની કિંમત, ખોરાક જાણીને ચોંકી જશો

(સંપૂર્ણ સમાચાર સેવા)પુષ્કર

રાજસ્થાનમાં પુષ્કરમાં પશુ મેળામાં એક ઘોડી આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ઘોડીનું નામ નગીના છે અને તેની ઉંચાઈ ૬૩.૫ ઈંચ છે. આ ઘોડી અત્યારે માત્ર ૩૧ મહિનાની છે, પરંતુ તેની કિંમત આખા મેળામાં ચર્ચાનો વિષય બન્યો છે. તેની કિંમત એક કરોડ રુપિયા હોવાનો અંદાજ છે. આ ઘોડી પંજાબના ભટિંડાથી આવી છે. ઘોડીના માલિક ગૌરાવાઈએ કહ્યું કે, તે છેલ્લા ૧૫ વર્ષથી ભટિંડાથી પુષ્કર મેળામાં આવી રહ્યો છે. આ વખતે તે પુષ્કર મેળામાં ૩૦ ઘોડા લાવ્યો હતો. તે બધા ઉત્તમ જાતિના છે. નગીના ઘોડી મારવાડી નસ્લની છે. નગીના નામની આ ઘોડી પંજાબમાં આંતરરાષ્ટ્રીય ઘોડા શોમાં પાંચ વખત વિજેતા રહી છે. તેની ઊંચાઈ ૬૩.૫ ઈંચ છે. ઘોડીનો દેખાવ દરેકનું ધ્યાન આકર્ષિત કરે છે. નગીના નામની આ ઘોડી માત્ર ૩૧ મહિનાની છે. આ ઘોડીની કિંમત ૫૫ લાખ રૂપિયા આંકવામાં આવી છે, પરંતુ તેના માલિક ગૌરવાઈ તેને આટલી ઓછી કિંમતે વેચવા તૈયાર નથી. તેમનું કહેવું છે કે તેઓ તેને ૧ કરોડ રૂપિયાથી ઓછી કિંમતે નહીં વેચે. તેમને આશા છે કે, ટૂંક સમયમાં કોઈ ખરીદદાર મળશે. ઘોડીના માલિક ગૌરાવાઈએ જણાવ્યું કે, નગીનાના પિતાનું પિતાનું નામ દિલબાગ છે અને તેના દાદાનું નામ કલા કાંતા છે. ગૌરાવાઈએ નગીનાના આહારનું પણ વર્ણન કર્યું. તેમણે જણાવ્યું કે નગીનાનો ખોરાક સંતુલિત છે, જેમાં ચણા, સોયાબીન, કેલ્શિયમ, વિટામિન, ઝીંક, તાંબુ અને અન્ય પોષક તત્વોનું બાફેલું મિશ્રણ હોય છે.

### IMD એ આપ્યું એલર્ટ

## ભયંકર મોટું તોફાન બંગાળની ખાડીમાંથી આવશે : આઈએમડી

### ભયંકર ચક્રવાતથી આંધ્ર પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે બંગાળની ખાડીમાં આ ભયંકર ચક્રવાત આંધ્ર પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે.

બંગાળની ખાડીમાં વિકાસ પામતું ચક્રવાત મોન્થા એક ઉષ્ણકટિબંધીય તોફાન ઉઠ્યું છે અને આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાની નજીક આવતાં તે ખૂબ જ તીવ્ર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ જવાની ધારણા છે. હવામાન વિભાગ અનુસાર, ચક્રવાત મોન્થા મંગળવાર (૨૮ ઓક્ટોબર, ૨૦૨૫) ની સાંજે અથવા રાત્રે આંધ્ર પ્રદેશના કાકીનાડા દરિયાકાંઠા નજીક લેન્ડફોલ કરે તેવી શક્યતા છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) એ ચેતવણી જારી કરી છે કે બંગાળની ખાડીમાં બનેલું દબાણ સોમવારે સવારે (૨૭ ઓક્ટોબર, ૨૦૨૫) ચક્રવાતમાં પરિવર્તિત થઈ શકે છે અને મંગળવાર (૨૮ ઓક્ટોબર, ૨૦૨૫) સાંજે કે રાત્રે કાકીનાડા નજીક આંધ્રપ્રદેશના દરિયાકાંઠે માછલીપટ્ટનમ અને કલિંગપટ્ટનમ વચ્ચે લેન્ડફોલ કરે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે ચક્રવાત ખૂબ જ ગંભીર ચક્રવાતી તોફાન તરીકે પણ લેન્ડફોલ કરી શકે છે. IMD એ આ ગંભીર ચક્રવાત અંગે ઘણા રાજ્યો માટે ચેતવણી જારી કરી છે. વિભાગે જણાવ્યું છે કે આ ગંભીર ચક્રવાતને કારણે આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારેથી અતિ ભારે વરસાદની પણ આગાહી છે.

પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં રચાયેલ ડિપ્રેશન ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે અને શનિવારે (૨૫ ઓક્ટોબર, ૨૦૨૫) તે ગોવાના પણજીથી લગભગ ૩૮૦ કિલોમીટર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમમાં, મહારાષ્ટ્રની રાજધાની મુંબઈથી ૪૦૦ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં, કર્ણાટકના મેંગલુરુથી ૬૨૦ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં અને લક્ષદ્વીપના અમીનિદિવીથી ૬૪૦ કિલોમીટર ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં સ્થિત હતું.

શનિવાર (૨૫ ઓક્ટોબર, ૨૦૨૫) ના રોજ IMD ના અહેવાલ મુજબ, ચક્રવાત આગામી ૨૪ કલાકમાં લગભગ ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધવાની ધારણા છે અને ગોવા, કોંકણ, ગુજરાત અને કેરળમાં ભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે જ્યારે ચક્રવાત ૨૮ ઓક્ટોબરની સાંજે કે રાત્રે આંધ્રપ્રદેશના કાકીનાડા કિનારા નજીક લેન્ડફોલ કરશે, ત્યારે ૯૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, જેમાં ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

### બિહાર ચૂંટણી પહેલા નીતીશ કુમાર એક્શનમાં!

## નીતીશ કુમારે પૂર્વમંત્રી અને ૧૧ ધારાસભ્યોને JDU માંથી કર્યા સસ્પેન્ડ

### પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ અને આચાર સંહિતાના ઉલ્લંઘનને કારણે કેટલાક નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢવાનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

બિહારમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ પહેલા નીતીશ કુમારની પાર્ટી જેડીયુએ આ મોટું પગલું ભર્યું છે. પક્ષ વિરુદ્ધ જઈને કામ કરનારા ૧૧ લોકોને પાર્ટીમાંથી નિલંબિત કરવામાં આવ્યા છે.

આ લોકોમાં બિહારના પૂર્વ મંત્રી ગ્રામીણ કાર્ય વિભાગ અને જમાલપુરના ધારાસભ્ય શૈલેષ કુમાર પણ શામેલ છે. બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ની સામાન્ય ચૂંટણીઓના સંદર્ભમાં, જનતા દળ (યુનાઈટેડ) એ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ અને આચાર સંહિતાના ઉલ્લંઘનને કારણે કેટલાક નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢવાનો નિર્ણય લીધો છે. પાર્ટીએ આ માટે એક માહિતી પત્ર પણ જાહેર કર્યો છે. આ પત્ર પ્રદેશ મહાસચિવ અને મુખ્ય મથક પ્રભારી ચંદન કુમાર સિંહે બહાર પાડ્યો છે. આ લોકોને બહારનો રસ્તો બતાવાયો...

૧. શૈલેષ કુમાર - પૂર્વ મંત્રી, જમાલપુર, મુંગેર.
૨. સંજય પ્રસાદ - ચકાઈ, જમુઈ.
૩. શ્યામ બહાદુર સિંહ - બડહરિયા, સીવાન.
૪. રણવિજય સિંહ - બડહરા, ભોજપુર.
૫. સુદર્શન કુમાર - બરબીઘા, શેખપુરા.
૬. અમર કુમાર સિંહ - સાહેબપુર કમાલ, બેગુસરાય.
૭. આસમા પરવીન - મહુઆ, વૈશાલી.
૮. લબ કુમાર - નવીનગર, ઔરંગાબાદ.
૯. આશા સુમન - કદવા, કટિહાર.
૧૦. દિવ્યાંશુ ભારદ્વાજ - મોતિહારી, પૂર્વી ચંપારણ.
૧૧. વિવેક શુક્લા - જીરાદેઈ, સીવાન.

પાર્ટી દ્વારા શેર કરવામાં આવેલા પત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે આ નેતાઓની વિચારધારા પક્ષના વિપરીત કાર્યો કરવાની હતી. આ કારણોસર, તેમને તાત્કાલિક અસરથી પાર્ટીની પ્રાથમિક સભ્યપદમાંથી નિલંબિત કરવામાં આવ્યા છે.

આ નિર્ણયથી પાર્ટીમાં અનુશાસનની સ્થિતિ મજબૂત થશે. આવનારી ચૂંટણીઓમાં પણ પાર્ટીની છબી પર તેની સકારાત્મક અસર જોવા મળશે.

## કુર્નૂલ બસ અગ્નિકાંડ: ૨૩૬ સ્માર્ટફોન અને એસીની બેટરીના કારણે ૨૦નાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કર્નૂલ,

આંધ્ર પ્રદેશના કુર્નૂલમાં એક બાઈક પ્રવાસી બસ સાથે અથડાયા પછી બસમાં આગ લાગતા ૨૦ લોકોનાં મોત નીપજ્યાં છે. આ દુર્ઘટનામાં શનિવારે ખુલાસો થયો છે કે કાવેરી ટ્રાવેલ્સની બસમાં ૨૩૬ સ્માર્ટફોન અને એસીની બેટરીના કારણે આગે ટૂંકા સમયમાં એટલું વિકરાળ સ્વરૂપ લઈ લીધું કે, બસમાંથી પ્રવાસીઓને બહાર નીકળવાની કે બચાવવાની તક જ ના મળી અને જોતજોતામાં ૨૦ પ્રવાસી જીવતા ભડથુ થઈ ગયા. પ્રારંભિક તપાસમાં બસે અનેક નિયમોનો ભંગ કર્યો હોવાનું સામે આવ્યું છે.આંધ્ર પ્રદેશના કર્નૂલ જિલ્લામાં ચિન્નાટેકુર નજીક શુક્રવારે વહેલી સવારે નેશનલ હાઈવે-૪૪ પર હૈદરાબાદથી બેંગ્લુરુ જતી કાવેરી ટ્રાવેલ્સની બસ એક બાઈક અથડાતા ધડાકો થયો હતો. આ દુર્ઘટના સાથે થોડીક જ મિનિટોમાં બસ આગના ગોળામાં ફેરવાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ૨૦ લોકોનાં મોત નીપજ્યાં હતા જ્યારે ૧૨ પ્રવાસી ઘાયલ થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

### ઉત્તરાખંડ સરકારનો મોટો નિર્ણય

## ઉત્તરાખંડમાં અન્ય રાજ્યોમાંથી આવતા વાહનોએ ચૂકવવો પડશે ગ્રીન ટેક્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેરાદુન

જો તમે ગુજરાત કે અન્ય કોઈ રાજ્યના શહેરોમાં રહો છો અને ડિસેમ્બરમાં ઉત્તરાખંડની સુંદરતા જોવાનો પ્લાન બનાવી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે ખાસ છે. ખરેખર, ડિસેમ્બર ૨૦૨૫થી ઉત્તરાખંડમાં પ્રવેશતા અન્ય રાજ્યોના વાહનોએ ગ્રીન સેસ (Green Cess) ચૂકવવો પડશે. રાજ્ય સરકારે આ અંગે આદેશ જારી કર્યો છે, જેમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, બાહ્ય રાજ્યોના વાહનોના રાજ્યમાં પ્રવેશ પર ગ્રીન સેસ ફરજિયાત હશે.

પરિવહન વિભાગના ઉચ્ચ અધિકારી એસ.કે. સિંહે આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું કે ડિસેમ્બર ૨૦૨૫થી ઉત્તરાખંડમાં પ્રવેશતા અન્ય રાજ્યોના વાહનો પાસેથી ગ્રીન સેસ લેવામાં આવશે.

તેમણે કહ્યું કે, વાહનો પર લગાવેલા ફાસ્ટેગ દ્વારા આ શુલ્ક ઓટોમેટિક કપાઈ જશે. ગ્રીન સેસની વસૂલાતની આ સમગ્ર પ્રક્રિયા પર નજર રાખવા માટે રાજ્યની સરહદો પર ૧૬ સ્થળોએ ઓટોમેટેડ નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) કેમેરા પણ લગાવવામાં આવ્યા છે.

ઉત્તરાખંડ સરકારનો અંદાજ છે કે, આ ગ્રીન સેસ દ્વારા દર વર્ષે લગભગ ૧૦૦થી ૧૫૦ કરોડ રૂપિયા સુધીની આવક થશે. પરિવહન વિભાગે આ વ્યવસ્થાને પારદર્શી બનાવવા માટે એક ખાનગી કંપની સાથે કરાર કર્યો છે. ઓટોમેટેડ નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) કેમેરા ગઢવાલ અને કુમાઉં મંડળની સરહદો પર લગાવવામાં આવ્યા છે. આમાં કુલ્હાલ, આશારોડી, નારસન, ચિડિયાપુર, ખટીમા, કાશીપુર, જસપુર અને રુદ્રપુર જેવા મુખ્ય સરહદી પોઈન્ટ્સ (મુખ્ય બોર્ડર પોઈન્ટ્સ)નો સમાવેશ થાય છે.

સરકારી આદેશમાં બાહ્ય રાજ્યોમાંથી આવતા વાહનો પર ગ્રીન સેસ લગાવવાની માહિતી આપવામાં આવી છે, પરંતુ કેટલાક વાહનોને આમાંથી છૂટ પણ આપવામાં આવી છે. જે વાહનો પર આ શુલ્ક લાગશે નહીં, તેમાં ટુ-વ્હીલર, ઈલેક્ટ્રિક અને સીએનજી વાહનો, સરકારી વાહનો, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની ગાડીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, જો કોઈ વાહન ૨૪ કલાકની અંદર ફરીથી રાજ્યમાં પ્રવેશે છે, તો તેને ફરીથી ગ્રીન સેસ ચૂકવવો નહીં પડે.

પરિવહન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, ગ્રીન સેસ દ્વારા એકત્ર કરાયેલી રકમનો ઉપયોગ એર પોલ્યુશન કંટ્રોલ કરવા, માર્ગ સુરક્ષામાં સુધારો કરવા અને શહેરી પરિવહન વિકાસ માટે કરવામાં આવશે. અલગ-અલગ વાહનો માટે નિર્ધારિત ગ્રીન સેસના દરો જોઈએ તો કાર પર ૮૦ રૂપિયા, ડિલિવરી વેન પર ૨૫૦ રૂપિયા, ભારે વાહનો પર દિવસે ૧૨૦ રૂપિયા, બસ પર ૧૪૦ રૂપિયા અને ટ્રક પર કદના આધારે ૧૪૦થી ૭૦૦ રૂપિયા સુધીનો સેસ વસૂલવામાં આવશે. નોંધનીય છે કે, ગયા વર્ષે ૨૦૨૪માં પણ ઉત્તરાખંડ સરકારે ગ્રીન સેસ લગાવવાની જાહેરાત કરી હતી, પરંતુ તેને અમલમાં લાવવામાં સતત વિલંબ થતો રહ્યો. હવે સરકારે આ વ્યવસ્થાને અમલમાં લાવવાનો પૂરો નિર્ણય લીધો છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વ્યવસ્થાને રાજ્યમાં લાગુ કરવામાં વિલંબનું સૌથી મોટું કારણ તેના શુલ્ક નક્કી કરવાનું હતું.




# તંત્રી લેખ......

## દેશમાં જાહેર સલામતી ભગવાનની દયા પર છે

આપણા દેશમાં જાહેર પરિવહનનું અત્યંત જોખમ દસ દિવસમાં બે એસી બસોમાં આગ લાગવાથી ૪૫ થી વધુ મુસાફરોના મૃત્યુ પરથી સ્પષ્ટ થાય છે. ૧૪ ઓક્ટોબરના રોજ થયેલા પ્રથમ અકસ્માતમાં, જેસલમેરથી જોધપુર જતી એક એસી બસમાં શોર્ટ સર્કિટથી ૨૬ મુસાફરોના મોત થયા હતા. આ ભયાનક અકસ્માતની તપાસમાં જાણવા મળ્યું હતું કે બસના બાંધકામમાં અનેક નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.

બીજી ઘટના ગઈકાલે આંધ્રપ્રદેશમાં બની હતી. હૈદરાબાદથી બેંગલુરુ જતી એક એસી બસમાં આગ લાગતાં વીસ મુસાફરોના મોત થયા હતા. આ અકસ્માતનું કારણ બસ નીચે મુસાફરી કરતી એક મોટરસાઈકલ હોવાનું માનવામાં આવે છે, જેના કારણે તેની ઈંધણ ટાંકીને નુકસાન થયું હતું અને તેમાં આગ લાગી હતી. આશ્ચર્યજનક નથી કે, આ અકસ્માત પણ નબળી બસ જાળવણી અને યોગ્ય સલામતી નિરીક્ષણના અભાવને કારણે થયો હતો.

ડઝનબંધ લોકો માર્યા ગયેલા બંને એસી બસો ખાનગી કંપનીઓની હતી. એવું માની શકાય છે કે સંચાલનની પરવાનગી આપતા પહેલા તેઓએ ફિટનેસ તપાસ કરાવી હતી, પરંતુ એવું કહેવું મુશ્કેલ છે કે આ માત્ર ઔપચારિકતા નહોતી. તે પણ અસંભવિત છે કે તેમની પાસે પૂરતા સલામતી પગલાં છે તેની ખાતરી કરવા માટે તેમનું યોગ્ય રીતે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આપણા દેશમાં મોટી સંખ્યામાં ખાનગી બસો ખરાબ સ્થિતિમાં છે તે કોઈ રહસ્ય નથી. ઘણીવાર, તેમના ડ્રાઈવરો પણ અકુશળ હોય છે. એસી બસોના ઈમરજન્સી દરવાજા એવી હાલતમાં છે કે તેમને ભાગ્યે જ ખોલી શકાય છે. બંને બસ અકસ્માતોમાં માર્યા ગયેલા મુસાફરો માટે ઉચ્ચ સ્તરના નેતાઓએ સંવેદના વ્યક્ત કરી અને કારણોની તપાસનો આદેશ આપ્યો તે સંતોષકારક નથી, કારણ કે દરેક મોટા અકસ્માત પછી આવું કરવામાં આવે છે, અને પરિણામ ઘણીવાર ઢાંકપિછોડો જ હોય છે. અત્યાર સુધીનો અનુભવ દર્શાવે છે કે સૌથી ભયાનક બસ અકસ્માતોમાંથી પણ કોઈ પાઠ શીખવામાં આવતો નથી. આનું કારણ એ છે કે સલામત જાહેર પરિવહન પ્રાથમિકતા નથી. પરિણામે, જાહેર પરિવહન, પછી ભલે તે સરકારી હોય કે ખાનગી, દરરોજ અકસ્માતો ચાલુ રહે છે. ઘણીવાર, આ અકસ્માતોમાં જીવ ગુમાવવાને કાયદાની બાબત તરીકે સ્વીકારવામાં આવે છે, અને માફી માંગતી અભિવ્યક્તિઓને ફરજની બાબત તરીકે ફગાવી દેવામાં આવે છે. આ એક અવિચારી વલણ છે. આ વલણ જાહેર સલામતીના દરેક પાસાની અવગણના તરફ દોરી જાય છે. જાહેરમાં તકેદારીના અભાવે થતા અકસ્માતો, અને ખાસ કરીને માર્ગ સલામતી, માત્ર અસંખ્ય લોકોના જીવ જ નથી લેતા, પરંતુ રાષ્ટ્રને બદનામ પણ કરે છે. તે એ પણ સમજાવે છે કે વિકસિત બનવાની ઈચ્છા ધરાવતા દેશમાં જાહેર સલામતી કેવી રીતે ભગવાનની દયા પર છોડી દેવામાં આવે છે.

### હવે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનો વારો

## હું દર મહિને એક યુદ્ધ બંધ કરાવું છું: યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

### થાઈલેન્ડ-કંબોડિયાના નેતાઓએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાજરીમાં યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

થાઈલેન્ડ અને કંબોડિયાના નેતાઓએ રવિવારે તેમની સેનાઓ વચ્ચે વિસ્તૃત યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હાજર હતા.



ટ્રમ્પે કહ્યું કે આ તેમના વહીવટીતંત્રે ફક્ત આઠ મહિનામાં સમાપ્ત કરેલા આઠ યુદ્ધોમાંથી એક હતું, એટલે કે દર મહિને સરેરાશ એક યુદ્ધ સમાપ્ત થાય છે. તેમણે કહ્યું કે ફક્ત એક જ સંઘર્ષ બાકી છે, જે તાજેતરમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ફાટી નીકળ્યો હતો.

ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેઓ તેને ઝડપથી ઉકેલી લેશે. તેમણે કહ્યું કે, હું તે બંનેને ઓળખું છું. ફિલ્ડ માર્શલ અને પાકિસ્તાનના વડા પ્રધાન બંને ખૂબ સારા લોકો છે. મને ખાતરી છે કે હું આને ખૂબ જ જલ્દી ઉકેલીશ.

તેમણે આગળ કહ્યું કે, મારે એવું ન કહેવું જોઈએ કે આ મારો શોખ છે, કારણ કે આ ખૂબ જ ગંભીર મામલો છે. પરંતુ પ્રમાણિકપણે, હું તેમાં સારો છું અને મને તે ગમે છે. જોકે સંયુક્ત રાષ્ટ્ર (યુએન) એ આ કરવું જોઈએ, તેઓ આમ કરતા નથી.

ટ્રમ્પે યુએન પર કટાક્ષ કરતા કહ્યું કે, હું ભાષણ આપી રહ્યો હતો ત્યારે યુએન એ મારું ટેલિપ્રોમ્પ્ટર બંધ કરી દીધું. મારે તેના વગર બોલવું પડ્યું. તેઓ આમાં જ સારા છે. એસ્કેલેટર પણ યોગ્ય રીતે કામ કરી રહ્યું ન હતું, તે બંધ થઈ ગયું. પરંતુ યુએન પાસે ઘણી ક્ષમતા છે, હું ઈચ્છું છું કે તેઓ કંઈક કરે. તેઓએ આ મુદ્દા પર અમારી સાથે સહકાર ન આપ્યો.

ડોનાલ્ડ ટ્રમ્પ રવિવારે (૨૬ ઓક્ટોબર) મલેશિયા પહોંચ્યા, તેમના પાંચ દિવસના એશિયા પ્રવાસની શરૂઆત કરી. ટ્રમ્પની એશિયાની આ પહેલી મુલાકાત છે અને જાન્યુઆરીમાં પદ સંભાળ્યા પછી તેમનો સૌથી લાંબો વિદેશ રોકાણ છે. ટ્રમ્પ કુઆલાલંપુરમાં શરૂ થઈ રહેલી આસિયાન સમિટમાં ભાગ લેવાના છે.

આ દરમિયાન, થાઈલેન્ડ અને કંબોડિયાના નેતાઓએ ટ્રમ્પની હાજરીમાં વિસ્તૃત યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા.

થાઈ પ્રધાનમંત્રીએ બંને દેશો વચ્ચે શાંતિ જાળવવા માટે ટ્રમ્પના વ્યક્તિગત સમર્પણ બદલ આભાર માન્યો અને કહ્યું કે તેઓ ટૂંક સમયમાં શસ્ત્રોનો નાશ કરવાની અને યુદ્ધ કેદીઓને મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે જો આ જાહેરાત સંપૂર્ણપણે અમલમાં મૂકવામાં આવે તો તે કાયમી શાંતિનો પાયો નાખશે.

મલેશિયા પછી, ટ્રમ્પ જાપાન જશે, જ્યાં તેઓ નવા ચૂંટાયેલા પ્રધાનમંત્રી સનાઓ તાકા-ઈચી સાથે મુલાકાત કરશે. ત્યારબાદ તેઓ દક્ષિણ કોરિયાના બુસાન જશે, જ્યાં તેઓ આંતરરાષ્ટ્રીય વેપાર સમિટ પહેલા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરશે.

### ગેંગવોર અને કરોડોની લેણદેણનો ઘટસ્ફોટ

## સિંગર ફાજિલપુરિયા ફાયરિંગનો માસ્ટરમાઈન્ડ સ્વિટ્ઝરલેન્ડથી ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઝુરિચ,

હરિયાણાના જાણીતા ગાયક રાહુલ ફાજિલપુરિયા પર થયેલા ગોળીબારની ઘટનાના મુખ્ય આરોપી અને કથિત માસ્ટરમાઈન્ડ સુનિલ સરધાનિયાને સ્વિટ્ઝરલેન્ડના ઝુરિચથી ભારત લાવવામાં આવી રહ્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર, ઈન્ટરપોલની મદદથી સુનિલ સરધાનિયાનું લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું હતું અને હવે તેને ભારતીય પોલીસને સોંપવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

**આરોપી અને કથિત માસ્ટરમાઈન્ડ સુનિલ સરધાનિયાને સ્વિટ્ઝરલેન્ડના ઝુરિચથી ભારત લાવવામાં આવી રહ્યો છે**

નોંધનીય છે કે, સુનિલને દિલ્હી એરપોર્ટ પરથી સીધો ગુરુગ્રામ લાવવામાં આવશે, જ્યાં પોલીસ તેની સઘન પૂછપરછ કરશે. અહેવાલો અનુસાર, સુનિલ સરધાનિયા પર માત્ર રાહુલ ફાજિલપુરિયાની કાર પર ગોળીબાર કરાવવાનો જ નહીં, પરંતુ ફાજિલપુરિયાના નજીકના મિત્ર અને પ્રોપર્ટી ડીલર રોહિત શૌકીનની હત્યા કરાવવાનો પણ આરોપ છે. ગુરુગ્રામના સેક્ટર ૭૭માં એસપીઆર રોડ પર બાઈક પર આવેલા હુમલાખોરોએ રોહિત શૌકીનની હત્યા કરી હતી. આ ઘટના બાદ સુનિલ સરધાનિયાએ સોશિયલ મીડિયા પર હત્યાની જવાબદારી સ્વીકારી હતી. ઉલ્લેખનીય છે કે, થોડા મહિના પહેલા ગુરુગ્રામના એસપીઆર રોડ પર રાહુલ ફાજિલપુરિયાની કાર પર બે રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં તે આબાદ બચી ગયા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ સમગ્ર મામલો ગેંગ વોર અને કરોડો રૂપિયાના પ્રોપર્ટી વ્યવહારો સાથે જોડાયેલો છે. રોહિત શૌકીનના મિત્ર દીપક નંદલને પણ લોન ચૂકવવામાં નિષ્ફળ જવા બદલ મુખ્ય શંકાસ્પદ માનવામાં આવ્યો હતો, જેના કારણે બંને વચ્ચે વિવાદ થયો હતો. પોલીસે આ કેસમાં અન્ય ઘણાં શૂટરોની ધરપકડ પણ કરી હતી. સુનિલ સરધાનિયાનું ભારત પરત આવવું આ સમગ્ર ગેંગ વોર અને ફાયરિંગ કેસમાં નવા અને મોટા ઘટસ્ફોટ કરી શકે છે, જેનાથી ગુરુગ્રામ પોલીસને કેસના મૂળ સુધી પહોંચવામાં મદદ મળશે.

## ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટર્સની છેડતી કરનારા અકીલની અક્કલ ઠેકાણી આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

ઑસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટર્સ સાથે છેડતીનો કિસ્સો હવે સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બન્યો છે. શરૂઆતી તપાસમાં આરોપીને લઈને મોટો ખુલાસો થયો છે. અકીલ ઉર્ફ નાઈટ્રા પહેલાથી ૧૦ ગંભીર ગુનામાં સંડોવાયેલો હતો. તેના વિરુદ્ધ લૂંટ, ચોરી, હત્યાનો પ્રયાસ, ડ્રગ્સ તસ્કરી અને ગેરકાયદેસર દારૂની હેરાફેરી જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલો છે. હવે પોલીસે તેને બે દિવસના રિમાન્ડ પર લીધો છે, તેની સાથે પૂછપરછ ચાલી રહી છે. આ બાજુમાં સફાઈમાં નંબર વન શહેર ઈન્દોરમાં મહિલા સુરક્ષાનો મુદ્દો સામે આવ્યો છે, મહિલાઓનું કહેવું છે કે પોલીસ અને પ્રશાસનને સુરક્ષા વધારવી જોઈએ.

જાણકારી અનુસાર, ઑસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમની બે ખેલાડી હોટલ રેડિસન બ્લૂથી ચાલતા નજીકના એક કેફેમાં જઈ રહી હતી. આ દરમિયાન બાઈક સવાર યુવકે તેમનો પીછો કર્યો, વાંધાજનક હરકત કરી અને આ ખેલાડીને ખરાબ રીતે ટચ કરવાની કોશિશ કરી.

ગભરાયેલી ખેલાડીઓ તાત્કાલિક એસઓએસ એલર્ટ અને લાઈવ લોકેશન ટીમના સુરક્ષા અધિકારી ડેની સિમન્સને મોકલી. અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા અને તરત એમઆઈજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.

સૂચના મળતા જ પોલીસ હરકતમાં આવી અને થોડી જ કલાકોમાં આરોપીને પકડી લીધો. તપાસમાં સામે આવ્યું કે અકીલનો પહેલાથી ગુનાહિત રેકોર્ડ છે. પોલીસે તેના વિરુદ્ધ BNSની ધારા ૭૪ અને ૭૮ અંતર્ગત કેસ નોંધી લીધો છે. એડિશનલ ડીસીપી રાજેશ દંડોતિયાએ જણાવ્યું કે આરોપીની ધરપકડ કરી લીધી છે અને તેની સાથે ઊંડાણપૂર્વક પૂછપરછ કરી રહી છે. તેની પૃષ્ઠભૂમિની તપાસ થઈ રહી છે.

આ ખુલાસાથી ઈન્દોર પ્રશાસન અને પોલીસની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલ ઊભા કરી દીધા છે.

બીસીસીઆઈના માનદ સચિવ દેવજિત સૈકીયાએ આ ઘટનાને અત્યંત ખેદજનક ઘટના ગણાવી છે અને કહ્યું કે ભારત હંમેશા મહેમાનો પ્રત્યે આતિથ્યનો ભાવ રાખે છે. તેમણે સુરક્ષા પ્રોટોકોલની સમીક્ષા કરી અને જરૂર પડે તેને વધારે મજબૂત કરવાની વાત કહી છે.

## દિલ્હીમાં આઈએસનું હુમલાનું કાવતરું, બે શંકાસ્પદ આતંકવાદીઓ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી પોલીસે દિવાળીની ઉજવણી વચ્ચે આતંકી સંગઠન આઈએસના મોડયુલનો પર્દાફાશ કર્યો છે અને બે શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. દિલ્હીના સાદિક નગર અને ભોપાલમાં ઓપરેશન દરમિયાન આ બન્ને આરોપીઓ ઝડપાયા હતા. સોશિયલ મીડિયાના માધ્યમથી આરોપીઓ ભારતીય યુવકોમાં કટ્ટરવાદ પણ ફેલાવી રહ્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બન્ને આરોપીઓ આતંકી સંગઠન આઈએસઆઈએસ સાથે સંકળાયેલા છે. અને દિલ્હીમાં મોટા આતંકી હુમલાને અંજામ આપવાની ફિરાકમાં હતા. બન્ને આરોપીઓની પાસેથી ઈલેક્ટ્રોનિક ડિવાઈસ અને શંકાસ્પદ દસ્તાવેજો સહિતની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

આતંકીઓની જાળ ક્યાં સુધી ફેલાયેલી છે તેની હાલ પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. એવા પણ અહેવાલો છે કે આ બન્ને શંકાસ્પદોની પાસેથી મોટી સંખ્યામાં હથિયારો અને વિસ્ફોટક સામગ્રી પણ મળી આવી છે. એક શંકાસ્પદ આરોપીનું નામ અદનાનમ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

એક વરીષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આતંકીઓ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈના સંપર્કમાં પણ હોઈ શકે છે. ઈસ્લામિક સ્ટેટ આઈએસની મદદથી પાક.ની જાસૂસી સંસ્થા આ પ્રકારનું નેટવર્ક ઓપરેટ કરતી હોય છે.

રિપોર્ટમાં જણાવ્યા મુજબ હાલ પણ આ મામલે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આરોપીઓ સોશિયલ મીડિયા પર સક્રિય હતા, સાવત-અલ-ઉમ્માહ નામનું ઈન્સ્ટાગ્રામ ગ્રુપ બનાવ્યું હતું. જેના દ્વારા યુવકોને વધુમાં વધુ કટ્ટરવાદી બનાવવામાં આવી રહ્યા હતા. ઈન્સ્ટાગ્રામના આ ગ્રુપના તાર સીરિયા સાથે જોડાયેલા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી ઈન્સ્ટાગ્રામ ગ્રુપ જેહાદીઓનો અડ્ડો બની ગયો હતો.

### સરકારે બદલ્યું ૩૫ વર્ષ જૂના રેલવે સ્ટેશનનું નામ

## ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ હવે છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન હશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહારાષ્ટ્રના ઐતિહાસિક શહેર ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર કરવામાં આવ્યા પછી હવે રેલવે દ્વારા આ બદલાવને સત્તાવાર રીતે અમલમાં મૂકવામાં આવ્યો છે. મધ્ય રેલવે દ્વારા શનિવારે જાહેરાત કરવામાં આવી કે, ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ હવે છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન હશે. સ્ટેશનનો નવો કોડ 'CPSN' નક્કી કરવામાં આવ્યો છે. મધ્ય રેલવે અનુસાર, આ સ્ટેશન દક્ષિણ મધ્ય રેલવેના નાંદેડ ડિવિઝન હેઠળ આવે છે. રેલવેના જણાવ્યા મુજબ, નામ બદલવાની સત્તાવાર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં તમામ પ્લેટફોર્મ સૂચક, સમયપત્રક, ટિકિટિંગ સિસ્ટમ અને ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર નવું નામ દેખાવા લાગશે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતૃત્વવાળી મહાયુતિ સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબરે આ સંદર્ભમાં ગજેટ સૂચના જારી કરવામાં આવી હતી. આ સાથે જ ઔરંગાબાદ સ્ટેશનનું નામ બદલવાની સત્તાવાર પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ નિર્ણય છત્રપતિ સંભાજી મહારાજની સ્મૃતિમાં લેવામાં આવ્યો છે, જે મરાઠા સામ્રાજ્યના બીજા છત્રપતિ હતા અને તેમની વીરતા માટે પ્રસિદ્ધ હતા. રાજ્ય સરકારે પહેલાથી જ ૨૦૨૨માં ઔરંગાબાદ શહેરનું નામ બદલવાની મંજૂરી આપી હતી, પરંતુ રેલવે સ્ટેશનોના નામ બદલવાની પ્રક્રિયામાં કેન્દ્રિય મંત્રાલયોની મંજૂરી અને અનેક વહીવટી ઔપચારિકતાઓ પૂર્ણ કરવી પડતી હતી. હવે આ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ઈતિહાસ અને મહત્વ-ઔરંગાબાદ રેલવે સ્ટેશનની શરૂઆત વર્ષ ૧૯૦૦માં થઈ હતી, જ્યારે હૈદરાબાદના સાતમા નિઝામ મીર ઉસ્માન અલી ખાનના શાસનકાળમાં અહીં રેલવે સેવા શરૂ કરવામાં આવી હતી. ત્યારથી આ સ્ટેશન મરાઠવાડા ક્ષેત્ર માટે એક મુખ્ય યાત્રિક કેન્દ્ર બની રહ્યું છે. છત્રપતિ સંભાજીનગર આજે પણ એક લોકપ્રિય પર્યટન સ્થળ છે. આ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળો અજંતા અને ઈલોરાની ગુફાઓ સાથે, બીબી કા મકબરા, દૌલતાબાદ કિલ્લો અને પંચક્કી જેવા ઐતિહાસિક સ્થળો માટે પ્રસિદ્ધ છે. નામ બદલ્યા પછી શહેર અને સ્ટેશન બંનેની ઓળખ હવે મરાઠા ગૌરવ સાથે વધુ મજબૂત થવા જઈ રહી છે. રાજકીય અને સાંસ્કૃતિક સંદેશ-આ નામ બદલાવને સાંસ્કૃતિક ઓળખ સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. ભાજપ અને મહાયુતિ સરકાર તેને "ઈતિહાસને મરાઠા સન્માન સાથે જોડવા" દિશામાં મોટું પગલું ગણાવી રહી છે. જ્યારે વિપક્ષોનું કહેવું છે કે આવા બદલાવ પ્રતીકાત્મક છે અને સ્થાનિક વિકાસ પર વધુ ધ્યાન આપવું જોઈએ.

### ટીમ ઈન્ડિયાને જીત બાદ મોટો ઝટકો

## ઉપ-કપ્તાન શ્રેયસ ઐયર એક કેચ પકડતી વખતે ઈજાગ્રસ્ત

### ૩ અઠવાડિયા માટે ક્રિકેટથી દૂર થઈ ગયા છે : ઐયર આ મોટી શ્રેણીથી ફરીથી મેદાન પર કમબેક કરી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાને ૯ વિકેટે હરાવ્યું. આ મુકાબલા દરમિયાન જ ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો. ટીમના ઉપ-કપ્તાન શ્રેયસ ઐયર એક શાનદાર કેચ પકડતી વખતે ઈજાગ્રસ્ત થયા. જેના કારણે તેમને મેચની વચ્ચે મેદાન છોડીને બહાર જવું પડ્યું. મેચ પૂરી થયા બાદથી જ તેમની ફિટનેસ પર અપડેટ આવી રહી છે. જે મુજબ તે હવે લગભગ ૩ અઠવાડિયા માટે ક્રિકેટથી દૂર થઈ ગયા છે. ઐયર આ મોટી શ્રેણીથી ફરીથી મેદાન પર કમબેક કરી શકે છે. ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડે મેચમાં હર્ષિત રાણાના બોલ પર વિકેટકીપર બેટ્સમેન એલેક્સ કેરીએ મોટો શોટ મારવાનો પ્રયાસ કર્યો. બોલ હવામાં ગયો ત્યારે ભારતીય ટીમના ઉપ-કપ્તાન શ્રેયસ ઐયરે ઉલ્ટા દોડીને કેચ પકડ્યો, પરંતુ આ દરમિયાન તેમને પાંસળી (rib cage) પર ઈજા થઈ. ઈજા થયા બાદ મેચ પૂરી થવા સુધી ઐયર જોવા મળ્યા નહોતા. તેમની ફિટનેસ પર અપડેટ આપતા



બીસીસીઆઈના એક અધિકારીએ પીટીઆઈને કહ્યું, શ્રેયસને મેચ દરમિયાન જ સ્કેન માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તપાસ મુજબ, તેમને આંચકો લાગ્યો છે અને તેમને ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયા સુધી મેદાનથી બહાર રહેવું પડશે. પાછા ફર્યા પછી તેમણે સેન્ટર ઓફ એક્સેલન્સ (Center of Excellence)માં રિપોર્ટ કરવો પડશે. આગળના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે, ત્યારે જ નક્કી કરી શકાશે કે તેમને સાજા થવામાં વધુ સમય લાગશે કે નહીં. જો તેમને હેરલાઈન ફ્રેક્ચર હશે તો તેમાં વધુ સમય લાગી શકે છે. આ રિપોર્ટ્સનું માનીએ તો શ્રેયસ ઐયર ૩૦ નવેમ્બરે ફરીથી ટીમ ઈન્ડિયા માટે રમતા જોવા મળી શકે છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે યોજાનારી શ્રેણીનો પ્રથમ મુકાબલો ૩૦ નવેમ્બરે રાંચીમાં રમાશે. ઐયર હાલમાં સારા ફોર્મમાં ચાલી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા સામેની બીજી વનડે મેચમાં તેમણે ૬૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ઐયરને હવે વાપસી માટે તેમની ફિટનેસ પર ખૂબ કામ કરવું પડશે. ઈજાના કારણે ઐયરનો લાંબો સમય બગડ્યો છે. જેના કારણે તેઓ પોતે પણ જલ્દી કમબેક કરવા ઈચ્છશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

## પાટીદાર સમાજના કાર્યક્રમમાં જયેશ રાદડિયાનો બળાપો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે પાટીદાર સેવા સમાજ દ્વારા ખાનપુર ૪૨ લેઉવા પાટીદાર સમાજ સ્નેહમિલન સમારોહનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા જયેશ રાદડિયાએ કહ્યું કે, સમાજના આગેવાનોનો હાથ ખેંચો પગ નહીં... મહીસાગરમાં આયોજિત પાટિદાર સમાજમાં જયેશ રાદડિયાએ કહ્યું કે, સમાજને એક થવા અને સંગઠિત થવા હાકલ કરવી ન પડે. સૌથી મોટી કમનસીબી છે કે, આવડા મોટા સમાજને આટલા વર્ષો બાદ પણ બીજા સરદાર નથી મળ્યા. આગામી સમયમાં જ્યાં પણ જરૂર જણાશે ત્યાં હું સમાજ સાથે રહીશ.

તેમણે વધુમાં જણાવ્યું કે, સમાજના લોકોને જરૂર પડે ત્યાં મદદરૂપ થાય, અત્યારે તો જેવો કોઈ આગેવાન આગળ આવે તો એના પગ ખેંચીને પાડે. ગુજરાતના પાટિદારો એક થાય તે માટે દરેક આગેવાનોએ પ્રયાસ કર્યા છે.

### જેડી મજેઠિયા સાથે સતિશ શાહે કરી હતી વાત

## થાક અનુભવી રહ્યા છું, હું રિટાયરમેન્ટ પર આવી ગયો છું

### એક્ટર સતીશ શાહનું નિધન ઈન્ડસ્ટ્રી માટે એક મોટો ઝટકો છેઃ પ્રોડ્યુસર અને એક્ટર જેડી મજેઠિયાનો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

એક્ટર સતીશ શાહનું કિડની ફેલ થવાને કારણે ૨૫ ઓક્ટોબરના રોજ નિધન થયું છે. હાલ તેમના નિધનને લઈને બોલિવૂડને પણ મોટી ખોટ પડી છે. ટીવી સિરિયલોની સાથે તેમણે ઘણી બધી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. જોકે સારાભાઈ વર્સેસ સારાભાઈમાં ઈન્દ્રવદનનો રોલ કરીને ઘરે ઘરે તેમણે પોતાની અલગ ઓળખ બનાવી હતી. આ શોને જેડી મજેઠિયા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવ્યો હતો. જેમાં દેવેન ભોજાણી અને આતિશ કપાડિયા દ્વારા શોને ડાયરેક્ટ કરવામાં આવ્યો હતો.

આ શોની પોપ્યુલારિટી આજે પણ એટલી જ છે. દર્શકોને આજે પણ આ શો ઘણો પસંદ છે. ઈન્ટરવ્યુમાં જેડીએ જણાવ્યું કે મને વિશ્વાસ નથી થઈ રહ્યો. સવારે ૧૧ વાગ્યે આતિશ કપાડિયા સાથે વાત થઈ.

બપોરે ૧૨:૫૭ રત્નજી સાથે વાત કરી અને બે કલાક બાદ સમાચાર આવ્યા કે તેઓ નથી રહ્યા. વધુમાં તેમણે કહ્યું કે અમે પરમદિવસે મળવાના હતા, હું તેમના ઘરની ઠીક નીચે હતો. જોકે તેમણે કહ્યું કે તેઓ થાક અનુભવી રહ્યા છે. હું રિટાયરમેન્ટ પર આવી ગયો છે. મેં કહ્યું કે મારો પરિવાર પણ તમને મળવા માગે છે, મારી દીકરીઓ તમને ઘણો પ્રેમ કરે છે. ફોન પર બધા સાથે વાત કરી તેમણે કહ્યું કે સાંભળતો ખરી, હું કેટલો હેલ્ધી લાગી રહ્યો છે. જોકે પછી તેમણે એવું પણ કહ્યું કે પછી મળવા આવજો. જોકે પછી હવે ક્યારેય તેમને નહીં મળી શકાય. ઉલ્લેખનીય છે કે ૧૯૭૦માં સતીશ શાહે ફિલ્મ ભગવાન પરશુરામથી તેમના કરિયરની શરૂઆત કરી હતી. જોકે ૧૯૮૪માં ટીવી શો યે જો હે જિંદગીથી તેમને નવી ઓળખ મળી હતી. આ સિવાય તેમણે દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, હમ આપકે હે કૌન, મેં હૂં ના, કલ હો ના હો, ઓમ શાંતિ ઓમ, રા વન, ચલતે ચલતે જેવી બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યું હતું. આ ઉપરાંત તેમણે વર્ષ ૨૦૦૮માં કોમેડી સર્કસમાં અર્ચના પૂરન સિંહ સાથે જજની ભૂમિકા પણ નિભાવી હતી.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

મદ્રાસ હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

# ક્રિપ્ટો કરન્સી હવે સંપત્તિ ગણાશે, કાયદા હેઠળ થશે કાર્યવાહી

## ક્રિપ્ટોકરન્સી ભૌતિક સંપત્તિ કે કરન્સી નથી પરંતુ તે એક એવી સંપત્તિ છે, જેને વ્યક્તિ પોતાની પાસે રાખી શકે છે



(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ,
મદ્રાસ હાઈકોર્ટે પોતાના એક ચુકાદામાં કહ્યું કે, ક્રિપ્ટોકરન્સી ભારતીય કાયદા હેઠળ સંપત્તિ ગણાશે. તે લીગલ ટેન્ડર ન હોવા છતાં તેમાં સંપત્તિના તમામ ગુણ ઉપલબ્ધ છે. જસ્ટિસ આનંદ વેંકટેશે કહ્યું કે, ક્રિપ્ટોકરન્સી ભૌતિક સંપત્તિ કે કરન્સી નથી. પરંતુ તે એક એવી સંપત્તિ છે, જેને વ્યક્તિ પોતાની પાસે રાખી શકે છે. અથવા ટ્રસ્ટમાં મુકી શકે છે. આ નિર્ણય એક ક્રિપ્ટો રોકાણકારની અરજી પર સંભળાવવામાં આવ્યો હતો. એક રોકાણકારનું એક્સઆરપી હોલ્ડિંગ્સ વજીરએક્સ પ્લેટફોર્મ પર સાયબર અટેક બાદ ફ્રીઝ કરવામાં આવ્યું હતું, તેના લીધે રોકાણકારે નુકસાનની ભરપાઈ માટે કોર્ટમાં અરજી કરી હતી. જેના પર સુનાવણી કરતાં મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસે ક્રિપ્ટો કરન્સીને સંપત્તિ તરીકે માન્યતા આપી છે. અરજદારે જાન્યુઆરી, ૨૦૨૪માં વજીરએક્સ પર રૂ. ૧,૯૮,૫૧૬ના રોકાણ પર ૩૫૩૨.૩૦ એક્સઆરપી કોઈન ખરીદ્યા હતા. જુલાઈ, ૨૦૨૪માં પ્લેટફોર્મ પર સાયબર અટેક થયો, જેમાં ઈથેરિયમ અને ઈઆરસી-૨૦ની ચોરી થઈ હતી. વજીરએક્સને તેમાં આશરે ૨૩૦ મિલિયન ડોલરનું નુકસાન થયુ હોવાનો દાવો કર્યો હતો. ત્યારબાદ તમામ યુઝર એકાઉન્ટ ફ્રિઝ કરવામાં આવ્યા હતા. જેથી અરજદાર પોતાના એક્સઆરપી કોઈનમાં કોઈ વ્યવહાર કરી શક્યો નહીં. તેણે પોતાના નુકસાનના વળતરની અપીલ કરતાં દલીલ કરી હતી કે, મારા એક્સઆરપી કોઈન ચોરી થયેલા ટોકન કરતાં અલગ હોવા છતાં વજીરએક્સે તેને ટ્રસ્ટ કસ્ટોડિયન સ્વરૂપે પોતાની પાસે સંભાળી રાખ્યા હતાં. કંપનીએ મારા કોઈનનો ઉપયોગ કરવા દીધો નથી. વજીરએક્સની ભારતીય ઓપરેટર કંપની ઝન્માઈ લેબ્સે આ અંગે સ્પષ્ટતા આપી હતી કે, તેની માલિકીનો વાસ્તવિક અધિકાર સિંગાપોરની **íuèkE Pte Ltd** પાસે છે. તેણે હેકિંગ બાદ પુનર્ગઠનની પ્રક્રિયા શરૂ કરી છે.

સિંગાપોર હાઈકોર્ટ દ્વારા મંજૂર યોજના હેઠળ તમામ યુઝર્સને નુકસાન પ્રો-રાટાના આધાર પર ફાળવવામાં આવશે. જો કે, હાઈકોર્ટે કહ્યું કે, ભારતીય રોકાણકારે ભારતમાંથી ટ્રાન્ઝેક્શન કર્યા છે, જેથી તે મદ્રાસ હાઈકોર્ટના અધિકાર ક્ષેત્રમાં છે. જસ્ટિસ વેંકટેશે પોતાના ૫૪ પાનાંના ચુકાદામાં વિસ્તારપૂર્વક જણાવ્યું હતું કે, ક્રિપ્ટોકરન્સીને કેવી રીતે સંપત્તિ તરીકે ગણી શકાય. કોર્ટે જણાવ્યું હતું કે બ્લોકચેન પરના આ ડિજિટલ ટોકન્સ ઓળખી શકાય તેવા, ટ્રાન્સફર કરી શકાય તેવા અને ખાનગી ચાવીઓ દ્વારા નિયંત્રિત કરી શકાય તેવા છે, જે સંપત્તિના તમામ ગુણધર્મો ધરાવે છે. મદ્રાસ હાઈકોર્ટે અહેમદ જી.એચ. આરિફ વિરુદ્ધ સીડબ્લ્યુટી અને જીલુભાઈ નાનાભાઈ ખાચર વિરુદ્ધ ગુજરાત રાજ્યના કેસનો ઉલ્લેખ કર્યો હતો, જે મિલકતને કોઈપણ મૂલ્યવાન અધિકાર અથવા હિત તરીકે વ્યાખ્યાયિત કરે છે. કોર્ટે આંતરરાષ્ટ્રીય કેસોનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં રુસ્કો વિરુદ્ધ ક્રિપ્ટોપિયા અને એએ વિરુદ્ધ અજાણી વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં અદાલતોએ ક્રિપ્ટોને સંપત્તિ તરીકે સ્વીકારી છે.

# વલસાડમાં માવઠાના મારથી ડાંગરના પાકને વ્યાપક નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)વસલાડ
ગુજરાતના ખેડૂતોની છેલ્લા કેટલાય વર્ષોથી જાણે માઠી દશા બેઠી છે. તેમા પણ વિશેષ રૂપે દક્ષિણ ગુજરાતના ખેડૂતોને દર વર્ષે મોસમનો માર સહન કરવો પડે છે, જેના કારણે દરેકે દરેક સિઝનમાં તેમને વ્યાપક નુકસાની વેઠવાનો વારો આવે છે. આ વર્ષે પણ કમોસમી વરસાદનો એવો માર પડ્યો છે કે ખેડૂતોને પાયમાલ થવાનો વારો આવ્યો છે. ચોમાસા દરમિયાન લીલા દુષ્કાળની સ્થિતિ, ત્યારબાદ વાવાઝોડુ અને હવે માવઠાએ ખેડૂતોને રડવા મજબુર કર્યા છે. જગતના તાત પર કુદરત જાણે રૂઠી હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. વલસાડ જિલ્લામાં જ્યાં ખેડૂતોએ ડાંગરના પાકનું મોટાપાયે વાવેતર કર્યું હતું પરંતુ, સતત વાતાવરણમાં પલટાના કારણે ચાલુ વર્ષે જિલ્લામાં ૯૦ ટકાથી વધુ ડાંગરના પાકમાં નુકસાની થઈ છે. એક આંકડા પ્રમાણે, ૭૫ હજાર હેકટરથી વધુ ડાંગરના પાકમાં નુકસાની થતાં ડાંગર પકવતા ખેડૂતો પાયમાલ થયા છે. ડાંગરના તૈયાર પાકની લણણીનો સમય થયો હતો ત્યાં જ કમોસમી વરસાદ ખાબક્યો અને ડાંગરનો પાક પાણીમાં તરબોળ થઈ ગયો. આ પાણી ખેતરોમાં ભરાઈ રહેવાના કારણે ડાંગરના પાકમાં સડો લાગી ગયો. એટલું ઓછું હોય તેમ નવું ધરૂ ઊગી નીકળ્યું છે. ખેડૂતોના મતે, હવે આ ડાંગરના પાકમાં કંઈ લેવા જેવી પરિસ્થિતિ નથી. ખેડૂતો જણાવી રહ્યા છે કે, ખેતરમાં ટ્રેક્ટર ફેરવવા સિવાય કોઈ ઉપાય તેમના પાસે નથી રહ્યો. કમોસમી વરસાદે ડાંગરના પાકનો સોથ બોલાવી દીધો છે.

ભાઈજાનના એક નિવેદનથી લાગ્યા મરચા

# ભારતના પાડોશી દેશે સલમાન ખાનને કર્યો આતંકવાદી જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,
બોલીવુડ અભિનેતા સલમાન ખાને તાજેતરમાં સાઉદી અરેબિયામાં એક શો દરમિયાન બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ દેશ ગણાવ્યો હતો, જેનાથી પાડોશી દેશ નારાજ થયો છે. શાહબાઝ સરકારે સલમાન ખાનને આતંકવાદી જાહેર કર્યો છે. પાકિસ્તાનના ગૃહ મંત્રાલયે આ અંગે એક સૂચના જારી કરી છે.

આ યાદી આતંકવાદ વિરોધી કાયદા હેઠળ આવે છે, અને તેમાં સામેલ કોઈપણ વ્યક્તિ કાનૂની કાર્યવાહીનો સામનો કરી શકે છે. આ સંદર્ભમાં એક સત્તાવાર સૂચના પણ જારી કરવામાં આવી છે. જોકે, આ બાબતે સલમાન ખાન કે તેમના પ્રતિનિધિઓ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

સાઉદી અરેબિયામાં આયોજિત જોય ફોરમ ૨૦૨૫ માં બોલિવૂડ અભિનેતા સલમાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં તેમણે કહ્યું હતું કે, "આ બલુચિસ્તાનના લોકો છે, અફઘાનિસ્તાનના લોકો છે, પાકિસ્તાનના લોકો છે, દરેક સાઉદી અરેબિયામાં સખત મહેનત કરી રહ્યા છે." આ નિવેદનમાં તેમણે બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ કરીને ઉલ્લેખ કર્યો છે.

સલમાનના નિવેદનથી પાકિસ્તાનમાં આક્રોશ ફેલાયો છે, જ્યારે બલુચ અલગતાવાદી નેતાઓ ખુશ થઈને સલમાનનો આભાર માની રહ્યા છે. હાલમાં તે સ્પષ્ટ નથી કે સલમાને જાણી જોઈને બલુચિસ્તાનનો ઉલ્લેખ પાકિસ્તાનથી અલગ કરીને કર્યો હતો કે અજાણતાં કર્યો હતો.

સ્વતંત્ર બલુચિસ્તાનની સ્થાપનાની માંગણી કરતા નેતા મીર યાર બલોચે કહ્યું, "ભારતીય ફિલ્મ સ્ટાર સલમાન ખાન દ્વારા સાઉદી અરેબિયામાં બલુચિસ્તાનનો ઉલ્લેખ કરવાથી ૬૦ મિલિયન બલુચિસ્તાન નાગરિકોમાં ખુશીનો માહોલ છે." તેમણે વધુમાં કહ્યું, "સલમાને એવું કંઈક કર્યું જે મોટા દેશો પણ કરવામાં અચકાય છે. સાંસ્કૃતિક માન્યતાના આ હાવભાવ સોફ્ટ ડિપ્લોમસીનું એક શક્તિશાળી સાધન છે, લોકોને જોડે છે અને વિશ્વને બલુચિસ્તાનને એક અલગ રાષ્ટ્ર તરીકે ઓળખવા માટે પ્રોત્સાહિત કરે છે." બલુચિસ્તાનમાં બળવાખોરીનું મુખ્ય કારણ પાકિસ્તાની સરકાર દ્વારા તેની વસ્તી સાથે ભેદભાવ છે. આ પ્રાંત ખનિજ સંસાધનોથી સમૃદ્ધ છે, પરંતુ આર્થિક રીતે તે પાકિસ્તાનનું સૌથી પછાત રાજ્ય છે. પાકિસ્તાને બલુચિસ્તાનમાં ગ્વાદર બંદર ચીનને સોંપી દીધું, પરંતુ આ પ્રોજેક્ટથી બલુચિસ્તાનના લોકોને કોઈ ફાયદો થયો નથી. આ જ કારણ છે કે ચીની પ્રોજેક્ટ્સ સામે સતત વિરોધ થઈ રહ્યો છે. અહીં ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરનું નિર્માણ ચાલી રહ્યું છે, જ્યાં વારંવાર હુમલાઓ થાય છે.બલુચિસ્તાન પાકિસ્તાનના આશરે ૪૬% વિસ્તારને આવરી લે છે, પરંતુ તેની વસ્તી ફક્ત ૧.૫ કરોડ છે, જે પાકિસ્તાનની કુલ વસ્તીના લગભગ ૬% છે. અહીં લગભગ ૭૦% લોકો ગરીબી રેખા નીચે જીવે છે. વધુમાં, બલુચિસ્તાન મૂળના લોકો પાકિસ્તાનમાં ભેદભાવનો સામનો કરે છે, મુખ્યત્વે પંજાબ પ્રદેશના મુસ્લિમોમાંથી. બલુચિસ્તાનના લોકોને પાકિસ્તાની સેનામાં ઉચ્ચ હોદ્દાઓ પર પણ નિયુક્ત કરવામાં આવતા નથી, જે અસંતોષને વધુ વેગ આપે છે.

રત્ના પાઠક, રૂપાલી ગાંગુલી સહિતના કલાકારો થયા ભાવુક

# સતીશ શાહનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન

## અંજન શ્રીવાસ્તવ, દેવેન ભોજાણી અને જોની લીવર સહિત અનેક સેલિબ્રિટીઓ પણ સતીશ શાહને અંતિમ વિદાય આપવા પહોંચ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ
લોકોના ચહેરા પર હાસ્ય ફેલાવનારા હિન્દી સિનેમાના પીઢ અભિનેતા સતીશ શાહનું ૭૪ વરસની વયે બાંદરા પૂર્વમાં તેમના નિવાસસ્થાને બપોરે અવસાન થયું હતું. તેઓ છેલ્લા કેટલાક સમયથી કિડનીની બીમારીથી પીડાતા હતા અને હાલમાં જ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. તેમના અંતિમ દર્શન માટે બોલિવૂડ અને ટીવી સ્ટાર્સ પહોંચ્યા હતા. સતીશને અંતિમ વિદાય આપતા મિત્રો, સહ-કલાકારો અને પરિવારના સભ્યો બધા ભાવુક થઈ ગયા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે રવિવારે મુંબઈમાં કરવામાં આવ્યા.

અંજન શ્રીવાસ્તવ, દેવેન ભોજાણી અને જોની લીવર સહિત અનેક સેલિબ્રિટીઓ પણ સતીશ શાહને અંતિમ વિદાય આપવા પહોંચ્યા. આ દરમિયાન ઘણા સ્ટાર્સ ભાવુક જોવા મળ્યા.

મીડિયા સાથે વાત કરતા અભિનેતા જમનાદાસ મજીઠિયાએ કહ્યું, 'તેઓ બિલકુલ ઠીક હતા. અમે ગઈકાલે તેમને મળવા આવ્યા હતા પણ મળી શક્યા નહીં.' ઘણા સેલિબ્રિટી તેમના અંતિમ દર્શન કરવા પહોંચ્યા હતા. અભિનેત્રી પૂનમ ધિલ્લોન, સુપ્રિયા પાઠક, પંકજ કપૂર તેમજ અન્ય ઘણી સેલિબ્રિટીઓ પણ સતીશ શાહને અંતિમ વિદાય આપવા માટે પહોંચ્યા હતા.

દિગ્દર્શક ડેવિડ ધવન પણ સતીશ શાહને અંતિમ વિદાય આપવા માટે સ્મશાનગૃહ પહોંચ્યા હતા. કોરિયોગ્રાફર અને ફિલ્મ નિર્માતા ફરાહ ખાન પણ સતીશ શાહને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. આ દરમિયાન ફરાહ ખૂબ જ ઉદાસ દેખાતી હતી.

સતીશ શાહની ઓનસ્ક્રીન પત્ની રત્ના પાઠક શાહ, જે તેમને અંતિમ વિદાય આપવા પહોંચી હતી, તેઓ પણ ખૂબ જ ભાવુક જોવા મળ્યા હતા. તેઓ રડતી જોવા મળ્યા હતા. તેમના પતિ અને અભિનેતા, નસીરુદ્દીન શાહ, નજીકમાં ઉભા રહીને તેમને સાંત્વના આપતા જોવા મળ્યા. પીઢ અભિનેતા સુધીર પાંડેએ સતીશ શાહના અંતિમ સંસ્કારમાં હાજરી આપી હતી. અનુપમા સિરિયલમાં રૂપાલી ગાંગુલીના સસરા તરીકે જાણીતા હસમુખ શાહ પણ પહોંચ્યા હતા. પીઢ અભિનેતા શરત સક્સેના પણ સ્મશાનગૃહમાં પહોંચ્યા હતા, તેમની સાથે તેમના મિત્ર સતીશ શાહની યાદો હતી. શરદ સમારંભ દરમિયાન ખૂબ જ ભાવુક જોવા મળ્યા હતા. પીઢ અભિનેતા દિલીપ તાહિલે પણ તેમના મિત્ર સતીશ શાહને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી.

અભિનેતા નીલ નીતિન મુકેશે પણ સતીશ શાહને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા. પીઢ અભિનેતા સુરેશ ઓબેરોયે પણ તેમના મિત્રને અંતિમ વિદાય આપી. સતીશ શાહના અંતિમ સંસ્કાર સમયે ઓનસ્ક્રીન પુત્રવધૂ અને અભિનેત્રી રૂપાલી ગાંગુલી ખૂબ જ દુઃખી હતી. તે પણ રડતી જોવા મળી હતી.

સારાભાઈ શોમાં રોશેશની ભૂમિકા ભજવનાર અભિનેતા રાજેશ કુમાર પણ ખૂબ જ રડતા જોવા મળ્યા હતા. અભિનેતા ટીકુ તલસાણિયા પણ તેમના મિત્ર સતીશ શાહના નિધનથી ખૂબ જ દુઃખી હતા. તેઓ તેમને અંતિમ વિદાય આપવા માટે સ્મશાનગૃહ પણ પહોંચ્યા હતા. સતીશ શાહના અંતિમ સંસ્કારમાં હાજરી આપનારા સેલિબ્રિટીઓએ તેમના આત્માને શાંતિ મળે તે માટે હાથ જોડીને પ્રાર્થના કરી હતી.

લોકોના ચહેરા પર હાસ્ય ફેલાવનારા પીઢ અભિનેતા સતીશ શાહનું ૭૪ વરસની વયે બાંદરા પૂર્વમાં તેમના નિવાસસ્થાને બપોરે અવસાન પામ્યા હતા. તેમના વિશ્વાસુ અને ૩૦ વર્ષથી પર્સનલ આસિસ્ટંટ રહેલા રમેશ કડતલાએ સમાચારને પુષ્ટી આપી હતી. તેઓ લાંબા સમયથી કિડનીની બીમારીથી પીડાતા હતા અને હાલમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. તેમના મેનેજરે સતીષ શાહની નિધનની પુષ્ટિ કરી હતી અને તેમના અંતિમ સંસ્કાર રવિવારે કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. તેમના લગ્ન ડિઝાઈનર મધુ શાહ સાથે થયા હતા. ફિલ્મ ક્ષેત્રની જાણીતી વ્યક્તિઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ તેમના યોગદાનની પ્રશંસા કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ઓપરેશન ત્રિશૂળ

# સરહદ નજીક ભારતીય સેનાના સૈન્ય અભ્યાસથી પાકિસ્તાનમાં હડકંપ

**ઓપરેશન ત્રિશૂળ નામની આ મહત્ત્વપૂર્ણ કવાયત સર ક્રીક, સિંધ અને કરાચીની ધરી પર ધ્યાન કેન્દ્રિત કરશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
ભારત ૩૦મી ઓક્ટોબરથી ૧૦મી નવેમ્બર સુધી તેની પશ્ચિમી સરહદ પર આર્મી, નેવી અને એરફોર્સની સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કરી રહ્યું છે, જેને પગલે પાકિસ્તાનમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ઓપરેશન ત્રિશૂળ નામની આ મહત્ત્વપૂર્ણ કવાયત સર ક્રીક, સિંધ અને કરાચીની ધરી પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે વિસ્તારને પાકિસ્તાનના ઊંડા દક્ષિણ તરીકે ઓળખાઈ છે. ભારતની આ આક્રમક કવાયતને કારણે ઈસ્લામાબાદને તેના દક્ષિણ કમાન્ડમાં સુરક્ષા વ્યવસ્થા અને તકેદારી વધારવાની ફરજ પડી છે. પાકિસ્તાન કવાયત પર કડક દેખરેખ રાખી રહ્યું છે.

અહેવાલો અનુસાર, ભારતીય કવાયતને ધ્યાનમાં રાખીને પાકિસ્તાની સૈન્યએ સિંધ અને પંજાબમાં આવેલા તેના દક્ષિણ કમાન્ડ માટે હાઈ એલર્ટ જાહેર કર્યું છે. કોઈપણ સંભવિત આક્રમણનો જવાબ આપવા માટે પાકિસ્તાની વાયુસેના **(PAF)** અને નૌકાદળને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે. બહાવલપુર સ્ટ્રાઈક કોર્પ્સ અને કરાચી કોર્પ્સને વિશેષ તૈયારીઓ માટે પસંદ કરવામાં આવ્યા છે. શોરકોટ, બહાવલપુર, રહીમ યાર ખાન, જેકોબાબાદ, ભોલારી અને કરાચી જેવા વ્યૂહાત્મક એરપોર્ટને પણ સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે. અરબ સાગરમાં પેટ્રોલિંગ અને નૌકાદળની પ્રવૃત્તિઓ વધારવા માટે પણ તાત્કાલિક સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. ઓપરેશન ત્રિશૂળ થાર રણ અને સર ક્રીક ક્ષેત્ર વચ્ચે યોજાશે, જેનો મુખ્ય હેતુ દક્ષિણ પ્રદેશોમાં નૌકાદળ, વાયુસેના અને સેના વચ્ચે સંકલન અને ઈન્ટિગ્રેટેડ ઓપરેશનની ક્ષમતા ચકાસવાનો છે. પાકિસ્તાની અધિકારીઓને ડર છે કે ભારતીય સેના આ કવાયતનો ઉપયોગ કરાચી સાથે જોડાયેલા દરિયાઈ ચોકપોઈન્ટ્સ અને દરિયાકાંઠાના માળખાને જોખમમાં મૂકવા માટે કરી શકે છે. પાકિસ્તાનનો લગભગ ૭૦ ટકા વેપાર કરાચી બંદર અને બિન કાસિમ પોર્ટમાંથી થાય છે, જેના કારણે આ સુવિધાઓ વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ ગણાય છે. ભારતીય કવાયતના આયોજનથી પાકિસ્તાનની સુરક્ષા ચિંતાઓ વધી ગઈ છે.

# ગિરનારમાં ભારે પવનના કારણે રોપ-વે અનિશ્ચિત સમય સુધી બંધ

## જૂનાગઢ સ્થિત સુપ્રસિદ્ધ ગિરનાર પર્વત પર પવનની ગતિ અસામાન્ય રીતે વધી જતાં રોપ-વે સેવા બંધ કરી દેવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ
જૂનાગઢ સ્થિત સુપ્રસિદ્ધ ગિરનાર પર્વત પર રવિવારે (૨૬ ઓક્ટોબર) પવનની ગતિ અસામાન્ય રીતે વધી જતાં રોપ-વે સેવા અનિશ્ચિત સમય સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોપ-વે સંચાલક કંપનીએ યાત્રાળુઓની સલામતીને સર્વોપરી રાખીને આ સાવચેતીનું પગલું ભર્યું છે. રોપ-વેની કેબિનનું સંચાલન ભારે પવનની સ્થિતિમાં અત્યંત જોખમી બની શકે છે. એવામાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તેથી તેને ટાળવા માટે વહીવટી તંત્રના સમર્થનથી રોપ-વે બંધ રાખવાનો નિર્ણય લેવાયોછે. રોપ-વેના સંચાલકોએ સ્પષ્ટ કર્યું છે કે, પવનની ગતિમાં ઘટાડો થયા બાદ અને વાતાવરણ સામાન્ય બન્યા પછી જ સેવા ફરી શરૂ કરવામાં આવશે. રોપ-વે સેવા બંધ થવાને કારણે મોટી સંખ્યામાં આવેલા યાત્રાળુઓને અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે, ખાસ કરીને જેઓએ ઓનલાઈન બુકિંગ કરાવ્યું હતું. હાલમાં, દાદાના દર્શન માટે યાત્રાળુઓએ પગથિયાં ચઢીને જ ગિરનારની ટોચ પર જવું પડશે, જેના કારણે વૃદ્ધો અને શારીરિક રીતે અસમર્થ મુસાફરોને વધુ મુશ્કેલી પડી રહી છે. હાલ, તંત્ર તરફથી પ્રવાસીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ સુરક્ષાની બાબતમાં બાંધછોડ ન કરે અને પરિસ્થિતિ સામાન્ય થવાની રાહ જુએ. રોપ-વે ઓથોરિટી સમયાંતરે પવનની ગતિ પર નજર રાખી રહી છે અને સ્થિતિ સુધરતાં જ સેવા ફરી શરૂ કરવામાં આવશે.

# ગેસ બંધ કરવા જતાં બ્લાસ્ટ થતાં યુવાનનું મોત, ૩ લોકો દાઝ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા
આજે રવિવારે સવારે શહેરના સમા વિસ્તારમાં આવેલા એક ઘરમાં ગેસ લીકેજ બાદ બ્લાસ્ટ થવાની ઘટના બની હતી. મકાનમાં ગેસ લીકેજથી ઘરમાં આગ લાગી હતી. જ્યારે આ ઘટનામાં એક યુવકનું મોત નીપજ્યું છે, જ્યારે ૩ લોકો દાઝ્યા છે. આ કરુણ ઘટનાને પગલે આસપાસના લોકોમાં ભારે ગમગીની છવાઈ છે. જ્યારે ઘટનામાં દાઝી ગયેલા પરિવારના સભ્યોને સારવાર માટે ખસેડાયા છે અને યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડાયો છે. શહેરના સમા વિસ્તારમાં આવેલી મનહર પાર્ક સોસાયટીના એક મકાનમાં આજે સવારે લગભગ ૭.૩૦ કલાકે ગેસ લીકેજ બાદ બ્લાસ્ટની ઘટના બની હતી.

આ ઘટનામાં પરિવારના ૨૪ વર્ષીય પુત્ર વિશ્વજીત ગુપ્તાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. શરૂઆતમાં ઘરમાં ગેસ લીકેજ થતાં આગ લાગી હતી. જેના લીધે ઘરના ત્રણ સભ્યો દાઝી ગયા હતા. પોતાના ઘરને આગથી વધુ નુકસાન ન થાય તે માટે વિશ્વજીત ગેસ સિલિન્ડર બંધ કરવા માટે ઘરમાં પ્રવેશ્યો હતો. તે સમયે અચાનક બ્લાસ્ટ થતાં વિશ્વજીત ગંભીર રીતે દાઝ્યો હતો અને ઘટના સ્થળે તેનું મોત નીપજ્યું હતું.

આ કરુણ ઘટનામાં રાજકિશોર ગુપ્તા, રીટા ગુપ્તા, પ્રિયંકા ગુપ્તા નામના લોકો દાઝ્યા છે. જ્યારે ૧૧ વર્ષીય રિક્કી ગુપ્તાનો આબાદ બચાવ થયો છે. રિક્કીએ આંખમાં આંસુ સાથે કહ્યું કે, "હું કરાટે ક્લાસમાં ગઈ અને અચાનક ઘરે આગ લાગી હતી." ઘટના બાદ પાડોશીઓ પણ આઘાતમાં છે. પડોશીઓએ કહ્યું કે "સવારે ૭ વાગ્યાની આસપાસ અચાનક ઘરમાં બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ થતાં સોસાયટીમાં ભયનો માહોલ સર્જાયો હતો. પરિવારના સભ્યો અચાનક મદદ માટે બૂમરાણ મચાવવા લાગ્યા હતા. જવાનજોધ દીકરાનું બ્લાસ્ટ થતાની સાથે જ ઘરમાં મોત નીપજ્યું હતું."

ચાંદીમાં તેજીનો ફુગ્ગો ફૂટ્યો

# ચાંદીમાં એક અઠવાડિયામાં ભાવ રૂ.૨૫૦૦૦ સુધી તૂટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
છેલ્લા એક અઠવાડિયામાં સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. ચાંદીના ભાવ સતત ઓલટાઈમ હાઈ નોંધાવ્યા બાદ ગયા અઠવાડિયાથી મંદીનો સામનો કરી રહ્યા છે.

માત્ર સાત દિવસમાં ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂ. ૨૦,૦૦૦ થી વધુનો ઘટાડો થયો છે. ચાંદીના ભાવ માત્ર **MCX** પર જ નહીં પરંતુ સ્થાનિક બજારમાં પણ તીવ્ર ઘટાડો થયો છે. તાજેતરમાં, ચાંદી રૂ. ૧.૮૦ લાખના આંકને પાર કરી ગઈ હતી, પરંતુ હવે તે તેની ટોચથી નોંધપાત્ર રીતે રૂ. ૨૫,૦૦૦ ઘટી રૂ. ૧.૬૫ લાખ પ્રતિ કિગ્રાની સપાટીએ પહોંચી છે. ચાલો આ ઘટાડા પાછળના મુખ્ય કારણો જાણીએ.

જ્યારે સોનું સતત ઘટી રહ્યું છે, ત્યારે બીજી કિંમતી ધાતુ, ચાંદીનો ભાવ પણ ઘટી રહ્યો છે. ૧૬ ઓક્ટોબરે, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ **(MCX)** પર ચાંદીનો ભાવ રૂ. ૧,૬૭,૬૬૩ પ્રતિ કિલોગ્રામ હતો. જોકે, શુક્રવારે, **MCX** પર ૧ કિલો ચાંદીનો વાયદા ભાવ રૂ. ૧,૪૭,૧૫૦ થયો હતો. તે મુજબ, માત્ર સાત ટ્રેડિંગ દિવસોમાં ચાંદી રૂ. ૨૦,૫૧૩ પ્રતિ કિલોગ્રામ ઘટી છે.

ચાંદીના ભાવમાં માત્ર મલ્ટી કોમોડિટી એક્સચેન્જ **(MCX)** પર જ નહીં પરંતુ સ્થાનિક બજારમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન **(IBJA.com)** પર અપડેટેડ દરો પર નજર કરીએ તો, ૧૬ ઓક્ટોબરે ચાંદીનો ભાવ ૧,૬૮,૦૮૩ પ્રતિ કિલો હતો, જે અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે ઘટીને ૧,૪૭,૦૩૩ પ્રતિ કિલો થયો છે. પરિણામે, તેની કિંમત ૨૧,૦૫૦ પ્રતિ કિલો ઘટી ગઈ છે. અમદાવાદ સોની બજારમાં ચાંદી તેની રૂ. ૧.૮૦ લાખની ટોચેથી રૂ. ૨૫૦૦૦ ઘટી રૂ. ૧.૬૫ લાખ પ્રતિ કિગ્રા થઈ છે.

ચાંદીના ભાવમાં ઘટાડા માટે ફક્ત એક નહીં પરંતુ અનેક કારણો છે. પહેલું કારણ દિવાળી અને ધનતેરસના તહેવારો પછી માંગમાં ઘટાડો છે, જેના કારણે ભાવ પર દબાણ આવ્યું છે. બીજું કારણ એ છે કે રોકાણકારો દ્વારા ઓલટાઈમ હાઈથી ચાંદીમાં મોટાપાયે પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું છે. ત્રીજું કારણ યુએસ ડોલરમાં મજબૂતાઈ હોવાનું માનવામાં આવે છે.

સોના અને ચાંદી બંનેનો વેપાર ડોલરમાં થાય છે. તેથી, જ્યારે યુએસ ડોલર મજબૂત થાય છે, ત્યારે અન્ય દેશોના રોકાણકારો માટે ચાંદી વધુ મોંઘી બને છે, અને તેની માંગમાં ઘટાડો થાય છે. ૨૦૧૯ થી ડોલર ઈન્ડેક્સમાં ૦.૮% નો વધારો જોવા મળ્યો છે. ભલે તે નજીવી હોય, આ રોકાણકારોની ભાવનાને અસર કરી રહ્યું છે. વધુમાં ચાંદીના ભાવમાં ઐતિહાસિક ઉછાળાના કારણે માર્કેટમાં સ્ટોકની તંગી સર્જાઈ છે.

કોલકાતા એરપોર્ટથી પ્રથમ ઉડાન

# ૫ વર્ષ બાદ ભારત અને ચીન વચ્ચે ફરી ડાયરેક્ટ ફ્લાઈટ સેવા શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
ભારત અને ચીન વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટ્સ આજથી ફરી શરૂ થઈ રહી છે. ઈન્ડિગો ફ્લાઈટ **6E1703** ૨૬ ઓક્ટોબરના રોજ રાત્રે ૧૦ વાગ્યે કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ગુઆંગઝુ માટે રવાના થશે.

દિલ્હી-ગુઆંગઝોઉ રૂટ પણ ૯ નવેમ્બરના રોજ શરૂ કરવામાં આવશે. આ પગલું બંને દેશો વચ્ચે પાંચ વર્ષ પછી એર કનેક્ટિવિટીની ઔપચારિક વાપસી દર્શાવે છે. આજ રાત્રે ઉડનારી આ ફ્લાઈટ માત્ર આકાશમાં પ્રવાસ નહીં, પરંતુ એક નવી રાજદ્વારી શરૂઆતનો પણ સંકેત આપે છે. જ્યાં ગલવાન ખીણ સંઘર્ષ પછી તણાવગ્રસ્ત સંબંધો હવે પાટા પર આવી ગયા છે. ૩૧ ઓગસ્ટના રોજ તિયાનજિનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ડાયરેક્ટ ફ્લાઈટ્સ ફરી શરૂ કરવા પર વિચારણા ચાલી રહી છે.

ત્યાર બાદ ભારતે રાજદ્વારી પાનું બદલી દીધું કે હવે ચીન માટે ડાયરેક્ટ ફ્લાઈટ્સ ઉપડશે. જૂન ૨૦૨૦ માં ગલવાન ખીણમાં થયેલા અથડામણ બાદ બંને દેશો વચ્ચેના સંબંધો ૧૯૬૨ ના યુદ્ધ પછીના સૌથી નીચા સ્તર પર આવી ગયા હતા. લશ્કરી અને રાજદ્વારી વાટાઘાટો બાદ બંને પક્ષોએ **LAC** પરના ઘણા વિવાદિત વિસ્તારોમાંથી સૈનિકો પાછા ખેંચી લીધા હતા. ઉલ્લેખનીય છે કે, બંને દેશો વચ્ચે નોંધપાત્ર રીતે તણાવ વધી ગયો હતો. ઓક્ટોબર ૨૦૨૩ માં અંતિમ વિવાદિત મુદ્દાઓ, ડેપસાંગ અને ડેમચોક પર એક કરાર થયો હતો. એ પછી થોડા સમય પછી કાઝાનમાં મોદી-શી વાટાઘાટોમાં સંબંધો સુધારવા માટે ઘણા નિર્ણયો લેવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી સંબંધોને સામાન્ય બનાવવાની પ્રક્રિયામાં કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા જેવા પગલાંનો સમાવેશ થાય છે. હવે, સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરવી એ આ પ્રક્રિયાનો મુખ્ય ઘટક માનવામાં આવે છે.

### વાઈસ ચેરમેન ભાવાભાઈ ચૌધરી

# એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન બન્યા શંકર ચૌધરી

## શંકર ચૌધરી સતત ત્રીજી વખત બનાસ ડેરીના ચેરમેન બન્યાઃ શંકરભાઈ ચૌધરીની સર્વાનુમતે થઈ વરણી

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન તરીકે શંકર ચૌધરીની વરણી થઈ છે. તો વાઈસ ચેરમેન તરીકે ભાવાભાઈ રબારીની વરણી કરાઈ છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં આ વરણી કરાઈ છે. ત્યારે શંકર ચૌધરી સતત ત્રીજી ટર્મમાં બનાસ ડેરીના ચેરમેન બન્યા છે. આ સાથે જ શંકર ચૌધરીનો બનાસ ડેરી પર દબદબો જોવા મળ્યો છે .

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીમાં ચેરમેનની આજે વરણી કરાઈ હતી. બનાસ ડેરીની બોર્ડ મિટિંગ બાદ ડેરીના નવા ચેરમેનની વરણી કરાઈ હતી. જેમાં સતત ત્રીજી ટર્મમાં બનાસ ડેરીમાં ચેરમેન પદે શંકર ચૌધરીની પસંદગી કરાઈ. આમ, લાભ પાંચમના પવિત્ર દિવસે બનાસ ડેરીને નવા ચેરમેન મળ્યા છે. ચેરમેનની વરણીની ચર્ચાઓને લઈ પશુપાલકોમાં ઉત્સુકતા જોવા મળી હતી.

ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલી બનાસ ડેરી એ દૂધના ઉત્પાદનમાં એશિયાની મોટામાં મોટી ડેરી છે. તેની સ્થાપના ઈ.સ. ૧૯૬૯ માં ગુજરાત સહકારી મંડળી ના કાયદા ૧૯૬૧ મુજબ રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમની સહાયતાથી ઓપરેશન ફલડ હેઠળ થઈ હતી. બનાસ ડેરીની સ્થાપનામાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ નો મુખ્ય ફાળો હતો.

બનાસ ડેરી અમૂલ, સાગર અને બનાસ નામો હેઠળ ઉત્પાદનો કરે છે. જેમાં અમુલ દૂધ, અમુલ માખણ, અમુલ ઘી, સાગર ઘી, અમુલ્યા પાવડર, સાગર ચા અને કોફી વ્હાઈટનર, અમુલ શક્તિ પાવડર, અમુલ આઈસક્રીમ, પેંડા, ચા વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉત્પાદનો ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, આણંદ દ્વારા બજારમાં મૂકાય છે. બનાસ ડેરી ૧.૮ લાખ જેટલાં શેરધારકો ધરાવે છે. જે ૧૨૦૦ જેટલાં ગામોમાં સહકારી દૂધ



મંડળીઓમાં વ્યાપેલા છે. હાલમાં બનાસ ડેરીના ચેરમેર તરીકે રાજ્યના પૂર્વ મંત્રી અને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી કાર્યરત છે. જેઓના વિઝનરી નેતૃત્વના કારણે હાલમાં બનાસ ડેરીનો ખૂબ જ ઝડપી વિકાસ થઈ રહ્યો છે અને એકથી એક પ્રોજેક્ટ પણ સાકાર થઈને પશુપાલકો અને તેના શેરધારકોને વ્યાપક ફાયદો કરાવી રહ્યા છે.

### છાશના નમૂના લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલાયા

# વાસ્તુ પ્રસંગમાં છાશ પીધા પછી ૧૫૦થી વધુ લોકોની તબિયત લથડી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના ગોમટા ગામે એક શુભ પ્રસંગના જમણવારમાં ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના સામે આવી છે. પ્રસાદમાં પીરસાયેલી છાશના કારણે ૧૫૦થી વધુ લોકોની તબિયત લથડી હતી. અસરગ્રસ્ત તમામને તાત્કાલિક સારવાર અર્થે લીંબડી અને વઢવાણની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, આ ઘટનામાં નાના બાળકો, મહિલાઓ અને યુવકો સહિત મોટી સંખ્યામાં લોકો ઝાડા, ઉલટી અને પેટમાં દુઃખાવાની ફરિયાદ સાથે પીડિત બન્યા હતા. ઘટનાની જાણ થતાં જ સુરેન્દ્રનગર જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ સક્રિય બની હતી અને તાત્કાલિક ગોમટા ગામે પહોંચીને કાર્યવાહી શરૂ કરી હતી.

તાલુકા આરોગ્ય અધિકારી જયેશ વાઘેલાએ જણાવ્યું હતું કે, વઢવાણના ગોમટા ગામે શુભ પ્રસંગના જમણવારમાં આશરે ૧૫૦ જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. અમારી ટીમ તમામ દર્દીઓની તપાસ કરી રહી છે. રાહતની વાત એ છે કે, હાલ તમામ દર્દીઓની સ્થિતિ સારી છે. આરોગ્ય વિભાગ દ્વારા ફૂડ પોઈઝનિંગના ચોક્કસ કારણ સુધી પહોંચવા માટે શંકાસ્પદ છાશના નમૂના એકત્ર કરી લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલી દેવામાં આવ્યા છે.'

### ૩ લોકોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત

# અમદાવાદના ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માત

## આ અકસ્માતમાં અન્ય બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર કોઠ પોલીસ સ્ટેશનના વેજણકા ગામ બ્રિજ નજીક અકસ્માત સર્જાયો છે. ડાયવર્ઝન પર રાખેલા પથ્થરને કાર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

આ ભયાનક અકસ્માતમાં ૨ પુરુષ અને ૧ મહિલાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું છે. આ અકસ્માતમાં અન્ય બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. કારમાં સવાર પરિવાર સુરતથી ભાવનગર તરફ જઈ રહ્યો હતો.

આ અકસ્માતમાં અન્ય બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં એક ૧૭ વર્ષીય સગીરા અને એક પુરુષ ઈજાગ્રસ્ત થતાં ફેદરા અને પીપળી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક ભાવનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર, આ ગમખ્વાર અકસ્માત ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર વેજલકા ગામ નજીક સર્જાયો હતો. કાર પૂરપાટ ઝડપે આવી રહી હતી અને રોડ બંધ હોવાને કારણે વચ્ચે મૂકાયેલા સિમેન્ટના બેરિકેડ સાથે જોરદાર ટકરાઈ હતી. ટક્કર એટલી ભયંકર હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ અકસ્માતમાં કારમાં સવાર ત્રણ વ્યક્તિઓ, જેમાં એક પુરુષ અને બે મહિલાનો સમાવેશ થાય છે, તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમો ફેદરા અને પીપળીથી ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત ૧૭ વર્ષીય સગીરા અને એક પુરુષને તાત્કાલિક સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં કોઠ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ત્રણેય મૃતદેહોનો કબજો મેળવી પંચનામું કરી તેમને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતા. હાલ કોઠ પોલીસે અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને મૃતકો તથા ઈજાગ્રસ્તો કોણ છે, તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. એક્સપ્રેસ વે પર સર્જાયેલા આ અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને અરેરાટી વ્યાપી ગઈ હતી.

### બે મહિનામાં પાંચ વખત રેડ એલર્ટ!

# મધદરિયેથી ખાલી હાથે પરત ફરતા માછીમારોને કરોડો રૂપિયાનું નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

સંભવિત વાવાઝોડા અને વાતાવરણમાં આવતા પલટાના કારણે માછીમારોમાં મુશ્કેલી વધી છે. ચાલુ વર્ષે ઓગસ્ટ મહિનામાં માછીમારોની સિઝન ખુલ્યા બાદ બે મહિનામાં પાંચ વખત રેડ એલર્ટના કારણે માછીમારોને મધદરિયેથી ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું. જેના કારણે માછીમારોને નુકસાનીનો સામનો કરવો પડ્યો છે. હાલ ચોમાસા બાદ પણ વાતાવરણમાં પલટો, સંભવિત વાવાઝોડું અને માવઠાના કારણે સૌરાષ્ટ્રના દરિયાકિનારે ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે અને માછીમારોને દરિયામાંથી પરત ફરવાની સૂચના અપાઈ છે. ચાલુ માછીમારીની સિઝન એટલે કે ઓગસ્ટ મહિનામાં માછીમારોની સિઝન ફરી ખુલી હતી. માછીમારોએ દરિયામાં જવાનું ૧૫ ઓગસ્ટથી શરૂ કર્યું હતું. જોકે છેલ્લા બે મહિનામાં પાંચથી છ વખત દરિયામાં કરંટ હોવાના કારણે માછીમારોને દરિયામાંથી ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું. માછીમારી અંગે ફક્ત જુનાગઢની વાત કરીએ તો, માંગરોળમાં ૨૫૦૦ જેટલી બોટ માછીમારી માટે દરિયો ખેડવા જતી હોય છે. માછીમારો જ્યારે માછીમારી કરવા જાય ત્યારે તેમને પેટ્રોલ, ડીઝલ અને ખલાસીઓનો ખર્ચ થતો હોય છે, જે ખર્ચ મોટી બોટ માટે એકથી બે લાખ હોય છે, જ્યારે નાની હોડકીઓ માટે પણ ૧૦થી ૨૦ હજાર સુધીનો થઈ જાય છે. આવી સ્થિતિમાં જો માછીમારો માછી પકડ્યા વગર જ દરિયા કિનારેથી ખાલી હાથે પરત ફરે તો તેમને લાખોનું નુકસાન થાય છે. હાલ જીવના જોખમે પરિવારને છોડીને અને પોતાનું રાશન લઈને બોટમાં માછીમારી કરવા જતા માછીમારોની સ્થિતિ કફોડી બનતી જઈ રહી છે. કારણ કે ચોમાસામાં તો માછીમારી બંધ હોય છે અને ચોમાસા બાદની સિઝન ૧૫ ઓગસ્ટથી ખુલી હતી, પરંતુ ૧૫ ઓગસ્ટથી આજ દિવસ સુધી એટલે કે બે મહિનામાં પાંચથી છ વાર દરિયામાં રેડ એલર્ટ જાહેર કરાયું હોવાને કારણે માછીમારો જ્યારે પણ દરિયામાં જાય ત્યારે ખાલી હાથે પરત ફરી રહ્યા છે. છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્રના દરિયા કિનારે ત્રણ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે, જેના કારણે ફરી એકવાર માછીમારોને દરિયામાંથી પરત બોલાવ્યા છે. માછીમારોનું કહેવું છે કે એકવાર દરિયામાં માછીમારી કરવા માટે તે લોકો જાય તો એક લાખ આસપાસનો ખર્ચ થતો હોય છે, પરંતુ જ્યારે રેડ એલર્ટના કારણે ખાલી હાથે માછીમારો પરત ફરે છે ત્યારે તેમને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. આમ માંગરોળની ૨૫૦૦ જેટલી બોટનો હિસાબ કરીએ તો કરોડો રૂપિયા સુધીનું નુકસાન આ માછીમારોને ભોગવવું પડે છે. જેના કારણે હવે માછીમારો સરકાર પાસે માંગ કરી રહ્યા છે કે જેમ ખેડૂતોને જણસીનાં નુકસાનમાં સહાય ચૂકવાય છે, તેવી જ રીતે માછીમારો માટે પણ એક પેકેજ જાહેર કરી સહાય ચૂકવવામાં આવે. હવે જોવાનું રહ્યું કે માછીમારોની આ માંગ પર સરકાર કેવું વલણ અપનાવે છે.

### SMSથી મળી જશે તમામ માહિતી

# તમારા પોલીસ કેસ માટે વારંવાર પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની હવે જરૂર નથી

**નાગરિકોની સુવિધા માટે I-PRAGATI સિસ્ટમ શરૂ, જે ફરિયાદીને કેસને લગતા ઓટોમેટિક SMS અપડેટ મોકલે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ફરિયાદીને પોતાના કેસની પ્રગતિ અંગેના અપડેટ્સ ઘરે બેઠા SMS મારફતે આપવામાં આવી રહ્યા છે. રાજ્યના નાગરિકોને પોતાના પોલીસ કેસ સંદર્ભે થયેલી પ્રગતિના અપડેટ મેળવવા માટે હવે વારંવાર પોલીસ સ્ટેશનના ચક્કર લગાવવા પડતા નથી. I-PRAGATI સિસ્ટમ નાગરિકોને તેમની ફરિયાદની સ્થિતિ વિશે સીધી માહિતી આપીને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધારે છે.

રાજ્યના નાગરિકોને પોતાના પોલીસ કેસ સંદર્ભે થયેલી પ્રગતિના અપડેટ મેળવવા માટે વારંવાર પોલીસ સ્ટેશનના ચક્કર ન લગાવવા પડે તેવા ઉદ્દેશ્ય સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મે-૨૦૨૫માં I-PRAGATI (Intelligent Progress Reporting and Grievance Addressing through Technology Initiative) પહેલ શરૂ કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શનમાં શરૂ થયેલી આ પહેલનો મુખ્ય હેતુ પોલીસ ફરિયાદ નોંધાવનારા નાગરિકોને તેમના કેસની પ્રગતિ વિશે ફરિયાદીના મોબાઈલ પર જ SMS મારફતે પારદર્શક અને સમયસર માહિતી પૂરી પાડવાનો છે. I-PRAGATI પહેલ અંતર્ગત શરૂ કરવામાં આવેલી આ સિસ્ટમ ફરિયાદીને ઓટોમેટિક SMS અપડેટ મોકલે છે, જેનાથી નાગરિકોને વારંવાર પોલીસ સ્ટેશન જવાની જરૂર રહેતી નથી.

આ પહેલ શરૂ કરી ત્યારથી એટલે કે તા.૧૪ મે, ૨૦૨૫ અત્યાર સુધી, I-PRAGATI એ નાગરિકોને લાખોની સંખ્યામાં SMS મારફતે અપડેટ્સ મોકલી છે, જેમાં FIR દાખલ થઈ ગયા અંગે SMS, પંચનામા SMS, નોટિસ અંગે, આરોપીના જામીન અંગે, આરોપી ધરપકડ અંગે, મુદ્દામાલ રિકવર અંગે અને ચાર્જશીટ થયા અંગે જીસ્જી મોકલી નાગરિકોને સમયસર તેમના કેસ અંગે અપડેટ આપવામાં આવ્યા છે. આ પહેલથી કાયદાકીય પ્રક્રિયા વધુ પારદર્શક અને સુલભ બની છે.

આ પહેલથી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ કેસની પ્રગતિ વિશે પૂછપરછ કરતા નાગરિકોના પ્રશ્નોનો જવાબ આપવામાં લાગતા સમયનો બચાવ કરી શકે છે અને તેમનું ધ્યાન કેસની તપાસ પર કેન્દ્રિત કરી શકે છે. આ સિસ્ટમ થકી પોલીસ તંત્રમાં દરેક પ્રક્રિયાનો રેકોર્ડ રાખવામાં આવે છે, જે ઉચ્ચ અધિકારીઓને દેખરેખ રાખવામાં મદદ કરે છે.

નાગરિકોને થતા ફાયદા

પારદર્શકતા અને વિશ્વાસઃ I-PRAGATI સિસ્ટમ નાગરિકોને તેમની ફરિયાદની સ્થિતિ વિશે સીધી માહિતી આપીને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધારે છે.

સમય અને શક્તિનો બચાવઃ નાગરિકોએ તેમના કેસની પ્રગતિ જાણવા માટે પોલીસ સ્ટેશનના વારંવાર ધક્કા ખાવા પડતા નથી, જેનાથી તેમના સમય અને શક્તિનો બચાવ થાય છે.

ઓટોમેટિક અપડેટ્સઃ આ સિસ્ટમ કેસ સંબંધિત દરેક મહત્ત્વપૂર્ણ તબક્કે (જેમ કે ધરપકડ, ચાર્જશીટ વગેરે) નાગરિકોને SMS દ્વારા આપોઆપ અપડેટ્સ મોકલે છે.

સુરક્ષા અને સંતોષઃ નાગરિકોને સતત અપડેટ મળતી રહેવાથી તેઓ સુરક્ષિત અને સંતુષ્ટ અનુભવે છે કે તેમના કેસ પર કામ ચાલી રહ્યું છે. I-PRAGATI પહેલ ગુજરાત પોલીસ માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જે નાગરિક-કેન્દ્રિત સુશાસન અને પારદર્શકતાને પ્રોત્સાહન આપે છે.

### ૮ માછીમારોનું રેસ્ક્યુ, ગીર સોમનાથમાં દરિયો થયો તોફાની

# અરબી સમુદ્રમાં ઉનાની સૂરજ સલામતી નામની બોટ ડૂબી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લામાં હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે. બીજી તરફ, હવામાન વિભાગે રાજ્યમાં ૪ દિવસ ભારેથી અતિભારે કમોસમી વરસાદની આગાહી કરી છે. તેવામાં પંચમહાલ, છોટા ઉદેપુર, ગીર સોમનાથ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદી માહોલ છે. પવન સાથે વરસાદી સ્થિતિના કારણે દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. અરબી સમુદ્રમાં ડિપ્રેશનના પગલે ગીર સોમનાથમાં દરિયો તોફાની બન્યો છે. જેમાં અરબી સમુદ્રમાં ઉનાની સૂરજ સલામતી નામની બોટ ડૂબી હોવાનું સામે આવ્યું છે. અરબી સમુદ્રમાં ડિપ્રેશન સક્રિય થયું છે, ત્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયામાં તેની અસર વર્તાઈ રહી છે. જેને લઈને રાજ્યમાં પવન સાથે ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આ દરમિયાન અરબી સમુદ્રમાં ઉનાના નવાબંદર ગામની બોટ ડૂબી હોવાનું સામે આવ્યું છે. દરિયામાં ભારે કરંટના કારણે મોજા અથડાતા ૧૩ નોટિકલ માઈલ સૂરજ સલામતી નામની બોટ ડૂબી છે. જેમાં ૮ માછીમારોનું રેસ્ક્યુ કરીને બચાવાયા હતા. બીજી તરફ, ખાંભામાં પવન સાથે હળવાથી ભારે કમોસમી વરસાદ થતાં શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં વરસાદી વિઘ્ન નડ્યું હતું. ભારે પવન સાથે વરસાદના કારમે મંડપ અને ખુરશીઓ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું અને આયોજિત કાર્યક્રમની જગ્યાએ પાણી-પાણીના દ્રશ્યો જોવા મળ્યા છે. નવસારીના ગણેદીવ પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેમાં અમલસાડ, બીલીમોરા સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ થતાં વિઝિબિલીટી ઓછી થતાં ચાલકો પરેશાન થયા હોવાનું સામે આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા બંદર પર સતત બીજા દિવસે નંબર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ યથાવત રાખવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા આ વિસ્તારમાં ભારે વરસાદ અને દરિયામાં ભારે કરંટ સાથે તોફાની પવન ફૂંકાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ (GMB) દ્વારા આ સિગ્નલ તાત્કાલિક અસરથી લગાવવામાં આવ્યું છે, જે સૂચવે છે કે બંદર પરથી માલસામાનનું વહન કરતી નાની હોડીઓ અને જહાજોએ અત્યંત સાવચેત રહેવું અને શક્ય હોય તો પ્રસ્થાન ટાળવું.

# આજથી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

હવામાન વિભાગે આજે અનેક જિલ્લાઓ માટે નાવકાસ્ટ બુલેટિન જાહેર કર્યું છે. જેમાં ભારે પવન સાથે અમરેલી ગીર સોમનાથ અને દીવમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે. અમરેલી, ગીર સોમનાથ અને, દીવમાં વરસાદને લઈને રેડ અલર્ટ છે. તો જુનાગઢ, ભાવનગર,ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદર અને નગર હવેલીમાં મધ્યમ વરસાદ સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ,ખેડા, મહીસાગરમાં, હળવા વરસાદ સાથે યેલો અલર્ટ જાહેર કરાયું. રાજ્યના મોટાભાગમાં જિલ્લાઓમાં ૨૪ કલાકથી કમોસમી વરસાદ ખાબક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૧ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ નવસારી તાલુકામાં ૬.૧૮ ઈંચ, ઉમરગામ તાલુકામાં ૩.૬૬ ઈંચ, ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકામાં ૩.૫૪ ઈંચ, ખેરગામમાં ૨.૮૭ ઈંચ તો જલાલપોરમાં ૨.૭૨ ઈંચ વરસાદ રહ્યો. ૪ તાલુકામાં ૨ ઈંચથી વધુ કમોસમી વરસાદ વરસ્યો છે. ૭ તાલુકામાં દોઢ ઈંચથી વધુ કમોસમી વરસાદ નોંધાયો. ૯ તાલુકામાં ૧ ઈંચથી વધુ કમોસમી વરસાદ નોંધાયો. હવામાન નિષ્ણાતે આગાહી કરી છે કે, આગામી ૪૮ કલાકમાં ગુજરાતમાં કમોસમી વરસાદની શક્યતા છે. બંગાળના ઉપસાગરની સિસ્ટમ અને અરબી સમુદ્રમાં લો પ્રેશર સિસ્ટમના કારણે અને ઉત્તર ભારતમાં આવતા પશ્ચિમની વિક્ષેપના કારણે વરસાદની શક્યતા છે. જેમાં નવસારી, સુરત, ભરૂચ, વલસાડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. તો કેટલાક ભાગોમાં પૂર આવે તેવા વરસાદની શક્યતા જેમાં વલસાડ, નવસારી, સુરત અને ભરૂચના ભાગમાં ભારેથી અતિભારે આગાહી છે. નવેમ્બર માસના શરૂઆતમાં પણ દક્ષિણ ભારતમાં ભારે વરસાદની શક્યતા છે. બીજા સપ્તાહમાં પણ અતિ ભારે વરસાદની શક્યતા છે, જેના કારણે ગુજરાતના હવામાનમાં પણ પલટો આવશે. બંગાળ ઉપસાગરમાં પણ નવેમ્બરની શરૂઆતમાં વાવાઝોડું બનવાની શક્યતા છે. આમ ફરી બંગાળ ઉપસાગર અને અરબી સમુદ્ર સક્રિય થવાની શક્યતા છે. દક્ષિણ ચીનમાં ચક્રવાત બનવાની શક્યતા રહેતા તેના અવશેષો બંગાળના ઉપસાગરમાં આવતા બંગાળ ઉપસાગર ફરી સક્રિય થઈ શકે છે. ૭ નવેમ્બર બાદ દક્ષિણ ભારતમાં ભારે વરસાદની શક્યતા જેના કારણે ગુજરાતમાં પણ વાતાવરણમાં પલટો આવી શકે છે. ૧૮ નવેમ્બર બાદ બંગાળ ઉપસાગરમાં ફરી એક વાર ચક્રવાત થવાની શક્યતા છે. જેના કારણે ૧૫મી ડિસેમ્બર સુધીમાં માવઠાની આગાહી છે.

### દીકરીના પ્રેમ સંબંધને લઈને માતા બની હેવાન

# સગી જનેતાએ દીકરા સાથે મળી ૨૨ વર્ષીય દીકરીને મોતને ઘાટ ઉતારી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

સાંભળીને જ હૃદયમાં કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. જેમાં પ્રેમ સંબંધના કારણે એક ૨૨ વર્ષીય યુવતીની હત્યા કરી દેવામાં આવી છે. જેમાં હત્યારાઓ બીજા કોઈ નહીં પરંતુ યુવતીની સગી જનેતા અને ભાઈએ મળીને યુવતીને મોતને ઘાટ ઉતારી દીધી છે. યુવતીની નિર્મમ રીતે હત્યા કરી તેના મૃતદેહનો નજીકના ચેકડેમમાં નિકાલ કરી નાખ્યો હતો. જોકે પિતાએ દીકરી ગુમ થયા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસમાં સમગ્ર ઘટનાનો પર્દાફાસ થયો હતો. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ભાવનગર શહેર નજીક આવેલું અને જિલ્લાના ઘોઘા તાલુકાના ભીકડા ગામે રહેતા અને ટ્રક ડ્રાઈવર તરીકે વ્યવસાય કરતા હિંમતભાઈ હરજીભાઈ સરવૈયા નોકરી પરથી ઘરે આવતા તેણે પોતાની ૨૨ વર્ષીય દીકરીને ઘરે નહીં જોતા પતિને દયાબેનને દીકરી અંગે પૂછપરછ કરી હતી. જેના જવાબમાં માતા દયાબેને કહ્યું હતું કે દીકરી પારૂલ ઘરની પાછળ આવેલા ચેકડેમ પાસે કુદરતી હાજતે ગઈ છે, જે બાદ મોડે સુધી દીકરી પરત નહીં ફરતા પિતાએ શોધખોળ બાદ દિકરી પારૂલબેન ગુમ થયા અંગે વરતેજ પોલીસ મથકે જાણ કરી હતી.

જેના બીજા દિવસે ભીકડા ગામ નજીક આવેલા ખાલી પડેલા ચેકડેમ પાસેથી ગુમ થયેલ પારૂલબેનનો લોહીલુહાણ હાલતે મૃતદેહ મળી આવતા તેના પિતાએ વરતેજ પોલીસને જાણ કરી હતી. જેથી વરતેજ પોલીસ કાફલો ઘટના સ્થળ પર ધસી ગયો હતો, તપાસ દરમ્યાન યુવતીના શરીર પર ઈજાના નિશાન જોવા મળતા પોલીસે મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ આરંભી હતી. પીએમ રિપોર્ટમાં પણ યુવતી પારૂલબેનનું મોત ઈજાઓના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું, જેના પગલે પોલીસે તપાસ હાથ ધરી હતી.ભીકડા ગામે રહેતી અને હિંમતભાઈ હરજીભાઈ સરવૈયાની ૨૨ વર્ષીય દીકરી પારૂલબેન સરવૈયા છેલ્લા એક વર્ષથી સિહોર ખાતે રહેતા વિવેક નામના યુવાનના પ્રેમમાં પડી હતી. ઈન્સ્ટાગ્રામ પર બંનેનો પરિચય થયો હતો, જે બાદ બંને એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. મોડે સુધી ઈન્સ્ટાગ્રામ પર દીકરી પારૂલ વાતો કરતી હોય તેના ભાઈ પ્રકાશ સરવૈયા અને માતા દયાબેનને દીકરીના પ્રેમ સંબંધ અંગે જાણ થઈ જતા તેણે દીકરી પારૂલ ને સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યા હતા. પરિણામે પારૂલ અને તેના પરિવાર વચ્ચે વારંવાર વાદ વિવાદ થતા હતા.

અનેકવાર સમજાવ્યા છતાં પારૂલ પોતાની વાત પર અડગ રહી હતી અને પ્રેમી સાથે જ લગ્ન કરવા માંગતી હતી. જેમાં તારીખ ૧૮ ઓક્ટોબરે દીકરી પારૂલબેન સિહોરના વિવેક સાથે વાત કરતા ઝડપાઈ ગઈ હતી. જેથી માતાપુત્રએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિવેક સાથે લગ્ન માટે પારૂલ અડગ રહેતા માતાપુત્ર ઉશ્કેરાઈ ગયા હતા. જે બાદ તેની માતા દયાબેને પારૂલબેનનું મોઢું દબાવી દીધું હતું, તે સમયે તેના ભાઈ પ્રકાશે તીક્ષ્ણ હથિયારના ગળા અને પેટના ભાગે ઘા ઝીંકી દઈ પારૂલબેનની હત્યા કરી દીધી હતી. જે બાદ તેના મૃતદેહને પ્લાસ્ટિકની તાડપત્રીમાં લપેટી ઘર પાછળ વાડામાં સંતાડી ઘરમાં પડેલા લોહીના ડાઘ ધોઈ નાખ્યા હતા. બીજા દિવસે વહેલી સવારે પારૂલબેનના મૃતદેહને ગામ નજીક આવેલા ખાલી પડેલા ચેકડેમમાં લઈ જઈ ફેંકી દઈ ગુન્હો છુપાવવા તાડપત્રી અને લોહીવાળા કપડાં પણ સળગાવી દીધા હતા.

પારૂલબેનનો મૃતદેહ ભીકડા નજીકના ખાલી પડેલા ચેકડેમ માંથી મળી આવ્યા બાદ પોલીસે કરાવેલા પેનલ પીએમ માં પારૂલ ની હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળતા પોલીસે તપાસ શરૂ કરી હતી, તપાસ દરમ્યાન પોલીસને પારૂલ અને વિવેક વચ્ચેના પ્રેમ સંબંધ અંગે જાણ થઈ હતી, જે બાબતે વિવેક ની પૂછપરછ કરી હતી, જેમાં પારૂલબેનની માતા અને ભાઈ લગ્ન માટે તૈયાર ના હોવા અંગે પોલીસને બાતમી મળી હતી, જે બાદ પોલીસે એફએસએલ અને ડોગ સ્કોર્ડની મદદ લઈ ગુન્હો ઉકેલવા પ્રયાસ શરૂ કર્યા હતા..

જેમાં પોલીસ વિભાગના બિન નામના શ્વાને હત્યારાઓ ને ઓળખી બતાવ્યા હતા, પોલીસ ડોગ ને સ્થળ પર લઈ ગઈ હતી, તેમજ આજુબાજુના પગમાર્કની ગંધ પારખી શ્વાને તેના ઘર ભણી દોટ લગાવી હતી, જેમાં પરિવાર સાથે બેસેલા તેના ભાઈ પ્રકાશ સરવૈયા અને માતા દયાબેન સરવૈયાએ શ્વાને ઓળખી બતાવતા પોલીસે તેના પિતા હિંમતભાઈ, માતા દયાબેન અને ભાઈ પ્રકાશ સરવૈયાને પોલીસ મથકે લઈ જઈ આગવી ઢબે પૂછપરછ કરતા તેની માતાએ દીકરા સાથે મળી દિકરી પારૂલબેનની હત્યા કરી હોવાની કબૂલાત આપતા પોલીસે માતા પુત્રને હત્યાના ગુન્હામાં ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

# છોટાઉદેપુરના યુવા નેતા આમ આદમી પાર્ટીમાં જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં ભાજપને મોટો ઝટકો મળ્યો છે. તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ રાઠવાએ ઈન્સ્ટાગ્રામ પર રાજીનામું પોસ્ટ કરતા ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક સંગઠન અને વહીવટી કારણ આપીને તેમણે રાજીનામું ધર્યુ છે. છોટાઉદેપુર ભાજપના તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ રાઠવાની ઈન્સ્ટાગ્રામમાં પોસ્ટથી ખળભળાટ મચી ગયો છે. ભાજપમાંથી રાજીનામું આપવાની પોસ્ટ કરી છે. રાજીનામાનું કારણ સ્થાનિક સંગઠન અને વહીવટના કારણે રાજીનામું પોસ્ટથી ચર્ચા જાગી છે. તેમણે લખ્યુ કે, હું સ્થાનિક આદિવાસી વિસ્તારની ગુલામી કરીશ, પરંતુ બહારની એજન્સીઓની ગુલામી નહિ કરું. આમ, છોટાઉદેપુર ભાજપના તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ રાઠવાઈ ભાજપમાંથી રાજીનામુ આપવાની વાત કરી છે. આગામી દિવસોમાં ધારાસભ્ય ચૈતર વસાવાના હાથે કેસ ધારણ કરી આમ આદમી પાર્ટીમાં ૭ હાજર કાર્યકરો સાથે જોડાવાની પણ વાત કરી. છોટાઉદેપુરના ભાજપના તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ વીરસીંગ રાઠવાએ ભાજપમાંથી રાજીનામુ આપવાની વાત કરી છે. સાથે જ કહ્યું કે, સ્થાનિક ભાજપ સંગઠન અને સ્થાનીક વહીવટથી કંટાળીને ભાજપ માંથી રાજીનામું આપી રહ્યાં છે. તેમના સાથી ૭ કાર્યકરો સાથે આમ આદમી પાર્ટીમાં તેઓ જોડાશે.